સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

## નંદુરબારમાં સ્કૂલ બસ ખીણમાં ખાબકી : બે છાત્રોનાં મોત

### આશ્રમ શાળાની બસને દેવગોઈ ઘાટમાં નડેલો અકસ્માત : ઘાયલ થયેલા ૨૮ વિદ્યાર્થીઓ પૈકી ત્રણની હાલત અત્યંત ગંભીર

**નંદુરબાર,તા.૧૦**


નંદુરબાર જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો. વિદ્યાર્થીઓને લઈ જતી એક સ્કૂલ બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ. આ અકસ્માત અક્લાકુવા-મોલ્ગીને જોડતા દેવગોઈ ઘાટ વિસ્તારમાં થયો હતો.

મહારાષ્ટ્રના નંદુરબારમાં એક ભયંકર અકસ્માત થયો છે. વિદ્યાર્થીઓને લઈ જતી એક સ્કૂલ બસ ૧૫૦ ફૂટ ઊંડી ખાડીમાં પડી ગઈ. તેમાં આશરે ૩૦ વિદ્યાર્થીઓ સવાર હતા. નંદુરબાર જિલ્લાના અક્લાકુવા અને મોલ્ગીને જોડતા દેવગોઈ ઘાટ વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. ૧૫૦ ફૂટ ઊંડી ખાડીમાં પડતાં બસે કાબુ ગુમાવ્યો હોવાની શંકા છે અને તે સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. બે વિદ્યાર્થીઓના મોત થયા છે. અને અનેક લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે અને ઘાયલ વિદ્યાર્થીઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

નંદુરબાર જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો. વિદ્યાર્થીઓને લઈ જતી એક સ્કૂલ બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ. આ અકસ્માત અક્લાકુવા-મોલ્ગીને જોડતા દેવગોઈ ઘાટ વિસ્તારમાં થયો હતો. પ્રારંભિક માહિતી મુજબ બસમાં સવાર બે વિદ્યાર્થીઓના અકસ્માતમાં મોત થયા છે, જયારે અન્ય ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ દરમિયાન ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ઘાયલ વિદ્યાર્થીઓને સારવાર માટે અક્લાકુવા ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ નથી. જોકે પ્રાથમિક માહિતી મુજબ ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવવાને કારણે આ અકસ્માત થયો હતો. અકસ્માતમાં બસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. બસ મોલ્ગી ગામથી વિદ્યાર્થીઓને અક્કલકુવા લઈ જઈ રહી હતી ત્યારે આમલીબારી વિસ્તારમાં આ અકસ્માત થયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ બસમાં સવાર વિદ્યાર્થીઓ જલગાંવ જિલ્લાના ચાલીસગાંવ તાલુકામાં આવેલી મેહુનબાર આશ્રમ શાળાના હતા. દિવાળીની રજાઓ પછી મેહુનબાર આશ્રમ શાળાની બે બસો આજે વિદ્યાર્થીઓને લેવા માટે આવી હતી અને તેમાંથી એક બસનો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં બે વિદ્યાર્થીનું મોત નીપજયું હતું, જયારે બેથી ત્રણ અન્ય વિદ્યાર્થીની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.





## ફરિદાબાદમાંથી ૩૫૦ કિલો વિસ્ફોટકો સાથે ડો. મુજમ્મીલ શકીલની ધરપકડ

### જમ્મુ-કાશ્મીર પોલીસે ટાઈમર, એસોલ્ટ રાઈફલ ઉપરાંત એમોનિયા નાઈટ્રેટનો જથ્થો ઝડપી પાડ્યો

**નવી દિલ્હી,તા.૧૦**

જમ્મુ અને કાશ્મીર પોલીસની એક ટીમને હરિયાણાના ફરીદાબાદમાંથી ૩૫૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ અને બે રાઈફલ મળી આવ્યા છે. શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદને સમર્થન આપતા પોસ્ટરો લગાવવાના આરોપમાં પોલીસે ઉત્તર પ્રદેશના સહારનપુરથી એક કાશ્મીરી ડૉક્ટરની ધરપકડ કર્યાના થોડા દિવસો બાદ આ મોટી જપ્તી કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરીદાબાદમાં ડૉ. આદિલ અહમદ રાથેર દ્વારા પૂછપરછ દરમિયાન કરાયેલા ખુલાસાઓ બાદ આ જપ્તી થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિસ્ફોટકો અને હથિયારો મુજમ્મીલ શકીલ તરીકે ઓળખાતા અન્ય એક ડૉક્ટર પાસે સંગ્રહિત કરવામાં આવ્યા હતા. શકીલ, જેની હવે ધરપકડ કરવામાં આવી છે, તે જમ્મુ અને કાશ્મીરના પુલવામાનો રહેવાસી છે અને ફરીદાબાદની અલ-ફલાહ હોસ્પિટલમાં કામ કરે છે.

ફરીદાબાદ પોલીસ કમિશનર સતેન્દર કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે ૩૫૦ કિલો વિસ્ફોટકો સાથે ટાઈમર પણ મળી આવ્યા છે. તેમણે કહ્યું કે એસોલ્ટ રાઈફલ મળી આવી છે, પરંતુ તે છન્ન-૪૭ બનાવટની નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ૨૭ ઓક્ટોબરની છે, જ્યારે શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદને સમર્થન આપતા

અનુસંધાન પાના ૭ પર

## સરકારી અધિકારીઓને પત્ની કરતા ફાઈલોમાં વધુ રસ : ગડકરી

### રમુજી અંદાજમાં કેન્દ્રીય મંત્રી ફટાફટ ફાઈલોનો નિકાલ કરવા સૂચના આપી

**નવી દિલ્હી,તા.૧૦**

કેન્દ્રીયપ્રધાન નીતિન ગડકરીએ નાગપુરમાં રાષ્ટ્રીય પ્રત્યક્ષ કર એકેડેમીના સ્થાપના દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન તેમણે મંચ પરથી અધિકારીઓને રમૂજી અંદાજમાં સરકારી ફાઈલો નહીં રોકવાની સલાહ પણ આપી દીધી હતી.

કેન્દ્રીય પ્રધાને મંચ પરથી કહ્યું કે કોઈ પણ બાબતે નિર્ણય ન લેવો એ લોકો માટે દુઃખની વાત છે. સમયસર નિર્ણય લેવો જોઈએ. આપણે ત્યાં લાખો અને કરોડો



રૂપિયાના પ્રોજેક્ટ્સ છે જેનો નિર્ણય લેવામાં આવતો નથી, અને આનાથી લોકોને ભારે તકલીફ પડે છે. જેને એક તારીખે પગાર મળે છે તે ક્યારેય વિલંબનો અર્થ સમજી શકતો નથી.

નીતિન ગડકરીએ કહ્યું હતું કે, એકવાર, જ્યારે હું મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન હતો, ત્યારે હું બાળાસાહેબ પાસે ગયો અને કહ્યું, 'કામ થતું નથી.' તેમણે મને અંગ્રેજીમાં એક વાક્ય કહ્યું હતું, 'મને એવા લોકો ગમે છે, જે કામ કરાવી શકે.'

બાળાસાહેબે કહ્યું, મેં તમને પ્રધાન બનાવ્યા, હવે તમે જે કરવા માંગો છો તે કરો અને હું એ જ શીખ્યો છું. હું હવે મારા અધિકારીઓને પણ કહું છું, મને ખબર નથી, પણ તમારે કામ કરવું પડશે.

બીજી ઘટનાનો ઉલ્લેખ કરતા

અનુસંધાન પાના ૭ પર

## આવતીકાલે બિહારમાં ૧૨૨ બેઠકો પર યોજાશે મતદાન

### પ્રથમ તબક્કાના રેકોર્ડ બ્રેક મતદાનથી ચૂંટણી વધુ રસપ્રદ બની

**પટણા,તા.૧૦**

મતદારયાદી ગહન સુધારણા વિવાદ વચ્ચે યોજાયેલી બિહાર વિધાનસભા ચુંટણીમાં આખરી અને બીજા તબકકાના આવતીકાલે યોજાનારા મતદાન પુર્વે ગઈકાલે પ્રચારના પડધમ શાંત થયા હતા.

રાજયમાં કાલે વધુ ૧૨૨ બેઠકો પર મતદાન થશે અને તેમાં રાજકીય રીતે સંવેદનશીલ સીમાંચલ ક્ષેત્રની ભૂમિકા મહત્વની હશે. પ્રથમ તબકકામાં ૧૨૧ બેઠકો પર રેકોર્ડબ્રેક મતદાન થયા બાદ હવે બીજા તબકકામાં પણ તે પ્રકારે ૬૭%થી વધુ ભારે મતદાન થશે.

તો આ ચુંટણીમાં મોટો અને આશ્ચર્યજનક પરિણામ જોવા મળશે. રાજયના રાજકીય નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ભારે મતદાનથી જેની તરફેણમાં મતદાન થયું હશે તેને પ્રચંડ બહુમતી મળશે તેવા સંકેત છે.

જેમાં ભાજપ નેતૃત્વના એનડીએ માટે વધુ તક હોવાનું માનવામાં આવે છે. જો કે મતદાર યાદીની પુનઃ સમીક્ષામાં સિમાંચલ જયાં મુસ્લીમ મતદારોની સંખ્યા સૌથી વધુ છે ત્યાં સૌથી વધુ નામોની કમી થઈ છે અને તેથી તે પરિણામો પર કેવી અસર પાડે છે તેના પર નજર છે.

અનુસંધાન પાના ૭ પર

## શિબિરમાં મોડા આવેલા નેતાને પુશઅપની સજા કરતા રાહુલ

### ભોપાલમાં કોંગ્રેસની શિબિરમાં રાહુલ ગાંધીનો અનોખો અંદાજ

**ભોપાલ,તા.૧૦**

વિપક્ષના નેતા રાહુલ ગાંધી ફીટનેસ ચેલેન્જ ઉપાડી શકે તેવું એથલેટ બોડી ધરાવે છે અને અવાર નવાર તેનું પ્રદર્શન પણ કરે છે. તો ગત સપ્તાહે મધ્યપ્રદેશમાં કોંગ્રેસના જીલ્લા અધ્યક્ષોના કેમ્પમાં અગાઉથી સમયસર પહોંચવા સૌને તાકીદ કરાઈ હતી. એટલું જ નહી વિલંબથી આવનારને 'સજા' કરાશે તેવી પણ 'હળવી' ચીમકી અપાઈ હતી.

હવે પંચમઢીની હોટેલ હાઈલેન્ડમાં આ ટ્રેનીગ કેમ્પમા ખુદ રાહુલ ગાંધી જ મોડા પહોંચ્યા અને તેઓએ સામેથી પુછી લીધું કે મારા માટે શું સજા છે તો આ ટ્રેનીગ ડિપાર્ટમેન્ટના હેડ સત્યન રાયએ ૧૦ પુશઅપની સજા ફટકારી અને રાહુલ ગાંધીએ સૌની સામે આ રીતે પુશઅપ કર્યા પણ ખરા એટલું જ નહી તેઓએ આ કસરત કરતા સમયે હાથ-પગ કેવી મજબૂતીથી જમીન સાથે જોડવા જોઈએ તે પણ શિખડાવ્યું.

રાહુલ ગાંધીએ તેમના સંબોધન બાદ એથલેટ ડ્રેસમાં ટ્રેનીગ હોલમાં પહોંચીને સૌની સામે પુશઅપ કર્યા એટલું જ નહી ત્રણ ચાર જીલ્લા અધ્યક્ષોને બોલાવીને તેઓને કઈ રીતે પશુઅપ થાય તે પણ શિખડાવ્યું

અનુસંધાન પાના ૭ પર

## બાંગ્લાદેશમા તખતા પલટ કાવતરામા ક્લિન્ટન પરિવારની ભૂમિકાનો આરોપ

### શેખ હસીનાના નિકટની સાથી પૂર્વ મંત્રી ચૌધરીએ કરેલો ચોંકાવનારો ખુલાસો

**નવી દિલ્હી,તા.૧૦**

બાંગ્લાદેશમાં ૨૦૨૪માં હસીના સરકારનું પતન થયું તે આકસ્મિક નહોતું, પરંતુ એક યોજનાનો એક ભાગ હતો. ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના ઢાકામાં તેમના નિવાસસ્થાન પર એક ટોળાએ હુમલો કર્યો હતો, જે બાદ શેખ હસીના દેશ છોડીને ચાલ્યા ગયા હતા. અત્યારે તેઓ દિલ્હીમાં રહેતા હોવાની વાતો ચાલી રહી છે.

સરકારી નોકરીઓમાં અનામતને લઈને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનથી અશાંતિ ફેલાઈ હતી, જે જુલાઈ-ઓગસ્ટમાં મોટા રમખાણોમાં પરિણમી હતી. આ દરમિયાન ૭૦૦થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલો પણ છે. આમાં ખાસ કરીને લઘુમતી એટલે કે હિંદુઓ પર વધારે હુમાલાઓ કરવામાં આવ્યાં હતાં.

બાંગ્લાદેશમાં રાજકીય ફેરફાર થયો અને શેખ હસીનાની સરકાર પલટાઈ ગઈ હતી. શેખ હસીનાને સત્તા પરથી હટાવવા પાછળ કોનો હાથ હતો? તે અંગે પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના નિકટવર્તી અને પૂર્વ પ્રધાન મોહિબુલ હસન ચૌધરીએ એક મોટો દાવો કર્યો છે. મોહિબુલ હસન ચૌધરીના જણાવ્યાં પ્રમાણે ૨૦૨૪માં શેખ હસીનાની સરકારની તખ્તાપલટ પાછળ અમેરિકાની હ્યુમેનિટેરિયન એજન્સી USAID અને ક્લિન્ટના પરિવારનો મોટી ભૂમિકા રહી હતી. આ ખુલાસો બાંગ્લાદેશ માટે અતિમહત્વનો છે, કારણ કે, શેખ હસીનાની સરકાર પલટાઈ તેમાં

અનુસંધાન પાના ૭ પર

### ગોધરાકાંડ બાદના રમખાણ કેસમાં

## ગોધરા સેશન્સ કોર્ટનો ચુકાદો યથાવત રાખખતી વડી અદાલત

### હાઈકોર્ટે જગદીશ ત્રિવેદી, રમેશ ડામોર અને મોહન પંચાલને નિર્દોષ ઠરાવ્યાં

**અમદાવાદ,તા.૧૦**

વર્ષ ૨૦૦૨ના ગુજરાત રમખાણો સંબંધિત એક કેસમાં, ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી છે અને ગોધરા ફાસ્ટ ટ્રેક સેશન્સ કોર્ટના વર્ષ ૨૦૦૩ના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે.

આ નિર્ણયના પગલે ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા નિર્દોષ છોડવામાં આવેલા ત્રણ વ્યક્તિઓ - જગદીશ ત્રિવેદી, રમેશ ડામોર અને મોહન પંચાલ - ગુજરાત હાઈકોર્ટમાંથી પણ નિર્દોષ જાહેર થયા છે.

આ સમગ્ર મામલો વર્ષ ૨૦૦૨માં ખાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના સાથે સંકળાયેલો છે. ફરિયાદી આરજુબેન શેખે ફરિયાદ નોંધાવી હતી કે ગુજરાત રમખાણો દરમિયાન તેમને ગામના ભરવાડ સમાજ દ્વારા હુમલો થવાની શક્યતાની જાણ કરવામાં આવી હતી.

આથી, તેઓ તેમના પરિવાર અને ગામના અન્ય ૩૦ થી ૩૫ પરિવારો સાથે સુરક્ષિત સ્થળે જવા માટે નીકળ્યા હતા, જેમાં એક ટેમ્પોમાં ૪૦ જેટલા લઘુમતી સમુદાયના લોકો સવાર હતા.

ટેમ્પો જ્યારે કરાંતા જવા માટે લીબડીયા ચાર રસ્તાથી ડાબી તરફ વળ્યો, ત્યારે તે તૂટી ગયો. તે જ સમયે, આશરે ૧૦૦ જેટલા લોકોનું ટોળું 'મારો કાપો' કરતું ટેમ્પો ઉપર હુમલો કરવા આવ્યું. ટોળાએ હુમલો

અનુસંધાન પાના ૭ પર

## બ્રાઝિલના એમેઝોનના જંગલ પાસે વિશ્વનું સૌથી મોટું જળવાયુ સંમેલન

### ક્લાઈમેટ ચેન્જ અંગે વૈજ્ઞાનિકો દ્વારા ગંભીર ચેતવણી

**બ્રાઝિલા,તા.૧૦**

બ્રાઝિલના અમેઝોન જંગલ પાસે આજથી કોપ-૩૦ જલવાયું સંમેલન ચાલુ થઈ રહ્યું છે. દરમ્યાન જાહેર થયેલ સ્ટેટ ઓફ ધી ક્રાયોસ્ફીયર ૨૦૨૫ રિપોર્ટ દુનિયાને ચેતવણી આપી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જે જમીન પર આ સંમેલન થઈ રહ્યું છે.આવનારી સદીઓમાં આ વિસ્તાર સમુદ્રનો કિનારો બની શકે છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે કોપ-૩૦ હવે ક સંમેલન નહિં, બલકે ધરતીનાં ઠંડા શ્વાસોનો છેલ્લો પોકાર છે.

તેમણે બધા દેશોને અપીલ કરી છે કે, તેઓ સચ્ચાઈને સ્વીકારે અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ઝડપી ગાઢ અને ટકાઉ રીતે ઘટાડવાનો સંકલ્પ લે. એમ્બિશન ઓન મેલ્ટીગ આઈસ (એએમઆઈ)ના વૈજ્ઞાનિક ડો.કિર્બમે કહ્યું છે.જો આપણે હજૂ પણ ગુમાવ્યો તો કેટલાક વર્ષોમાં નહી કેટલાંક દાયકામાં જ ધરતીનો નકશો બદલાઈ જશે.

કલ્પના કરો, એક દિવસ ધરતી પરના તમામ હિમાલય અને ગ્લેશિયરની બરફ એકસાથે પીઘળી જાય તો! આવા વિચાર માત્રથી લોકોના રૂવાંડા ઊભા થઈ જાય. જ્યારે પણ વિશ્વના તમામ બરફિલા પહાડોનો બરફ ઓગળે ત્યારે સમુદ્રની સપાટી લગભગ ૭૦ મીટર ઊંચી આવી જાય છે.

પણ શું તમે વિચાર કર્યો છે, કે આવું થાય તો ભારતના ક્યા રાજ્યો પહેલા પાણીમાં ગરકાવ થાય? વૈજ્ઞાનિકો પ્રમાણે ગ્લોબલ વૉર્મિંગનેં સંકટ ઝડપથી આગળ વધી રહ્યું છે, જે ભારતના અનેક રાજ્યોની સાથે દુનિયા પર પણ મોટું સંકટ લાવી શકે છે. કઈ રીતે તો જાણીએ વૈજ્ઞાનિક કારણ.

## દિલ્હીમાં ધુમ્મસ સાથે પારો ૧૧.૬ ડિગ્રી હવા પ્રદૂષણ 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં

### ઈન્ડિયા ગેટ પાસે વિરોધ પ્રદર્શન કરનાર અટકમાં લીધેલા લોકોને મોડી રાત્રે પોલીસે છોડી દીધા

**નવી દિલ્હી,તા.૧૦**

ઠંડી વધવાની સાથે જ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને NCR વિસ્તારમાં વાયુ પ્રદુષણનું સ્તર ખુબજ વધી જતું હોય છે. આજે સવારે દિલ્હીમાં તાપમાન ૧૧.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડ્યું હતું અને ગાઢ ધુમ્મસ છવાયેલી જોવા મળી હતી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, સોમવારે સવારે ૯ વાગ્યે શહેરમાં એકંદર AQI ૩૪૯ હતો, જે ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં આવે છે. ગઈ કાલે સાંજે દિલ્હીવાસીઓ વધતા પ્રદુષણ સામે વિરોધ પ્રદર્શન કરવા નીકળી પડ્યા હતાં.

ગઈ કાલે રવિવારે સાંજે ૫ વાગ્યે ઈન્ડિયા ગેટ પાસે લોકો ક્લાઈમેટ એક્ટીવીસ્ટ, રાજકીય નેતાઓ અને નાગરિકો શહેરમાં વધી રહેલા વાયુ પ્રદુષણના સ્તર સામે વિરોધ દર્શાવવ એકઠા થવા લાગ્યા હતા. રખડતા શ્વાનો અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે અસંમતિ દર્શાવવા માટે એનિમલ રાઈટ્સ એક્ટીવીસ્ટ પણ આ વિરોધ પ્રદર્શન જોડાયા હતાં.

દિલ્હી પોલીસે કહ્યું હતું કે લોકો પોલીસની પરવાનગી વિના એકઠા થયા હતા, મોટા પાયે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પ્રદર્શનકારીઓએ દાવો કર્યો હતો કે પોલીસે તેમને ધમકી આપી હતી. લોકોએ દિલ્હી પ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર સામે નારા લગાવ્યા હતાં. લોકો વિવિધ સુત્રો લખેલા પ્લેકાર્ડ લઈને આવ્યા હતાં. દિલ્હી પીલીસે સંખ્યાબંધ લોકોની અટકાયત કરી હતી અને તેમને અજ્ઞાત સ્થળે લઈ ગયા હતાં.

દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ આશરે ૬૦-૮૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. જે લોકો માનસિંહ રોડ બ્લોક કરી રહ્યા હતા તેમની જ અટકાયત કરવામાં આવી છે. માનસિંહ રોડ પર વિરોધ પ્રદર્શનની આગેવાની દિલ્હી આમ આદમી પાર્ટી વડા સૌરભ ભારદ્વાજ કરી રહ્યા હતા. ઈન્ડિયા ગેટની પાસે વિરોધ કરી રહેલા લોકોને ત્યાંથી ખસી જવાનો નિર્દેશ આપવામાં આવ્યો અને તેમને દૂર કરવામાં આવ્યા.

X પરની એક પોસ્ટમાં ક્લાઈમેટ એક્ટીવીસ્ટ વિમલેન્દુ

અનુસંધાન પાના ૭ પર

## ભારત-સાઉદી વચ્ચે હજ સમજૂતી કરાર

**પટણા,તા.૧૦**

ભારત અને સાઉદી અરબ વચ્ચે હજ ૨૦૨૬ માટે દ્વીપક્ષીય સમજુતી પર હસ્તાક્ષર થયા છે. કેન્દ્રીય મંત્રી કિરણ રિજજુએ જણાવ્યું હતું કે ભારતીય હજ કોટા ૧,૭૫,૦૨૫ નકકી કરાયા છે.

સાથે સાથે કિરણ રિજજુએ જેહાદ અને તાઈફમાં હજ અને ઉમરા સાથે સંકળાયેલ સુવિધાઓનું નિરિક્ષણ કર્યું હતું. રિજજુએ સોશિયલ મીડીયા પર જણાવ્યું હતું કે ભારત સાઉદી અરબ સંબંધોમાં મહત્વનું પગલું હજ ૨૦૨૬ માટે દ્વીપક્ષીય સમજુતી પર હસ્તાક્ષર કરાયા.

રિજજુ ૭થી૯ નવેમ્બર સાઉદી અરબની મુલાકાતે હતા, જ્યાં તેમણે

અનુસંધાન પાના ૭ પર

# રાહત અંગે સરકારને અભિનંદન પાઠવતા વિવિધ તાલુકાના ખેડૂતો

## ધારાસભ્ય મુકેશ પટેલે પણ આનંદની લાગણી વ્યક્ત કરી

સુરત, તા.૧૦

રાજ્યભરમાં કમોસમી વરસાદને પગલે ખેડૂતોને થયેલા નુકસાનના વળતર માટે રાજ્ય સરકારે ૧૦ હજાર કરોડના ઐતિહાસિક પેકેજની જાહેરાત કરી છે. જે સંદર્ભે પૂર્વમંત્રી અને ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ તેમજ ઓલપાડ અને મહુવાના ખેડૂતોએ આનંદની લાગણી વ્યક્ત કરતા રાજ્યસરકારને અભિનંદન પાઠવ્યા છે.

પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે રાજ્ય સરકારની સરાહનીય કામીગીરી વર્ણવતા કહ્યું કે, રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા રાજ્ય સહિત ઓલપાડ તાલુકાના દરેક ગામોમાં યુદ્ધને ધોરણે પાકને થયેલા નુકશાનનો સર્વે કરાયો અને તાત્કાલિક રાહત પેકેજની જાહેરાત કરી છે. રાજ્ય સરકારે પ્રત્યેક ખેડૂતની ચિંતા કરી ખેડૂત પરિવારોને નવી ઉર્જા પ્રદાન કરી છે.

ઓલપાડ તાલુકાના નઘોઈ ગામના સુરેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા જાહેર કૃષિ રાહત પેકેજ અંગે કહ્યું કે, ખેડૂતોને થયેલા નુકશાન સામે હેક્ટર દીઠ મળવાપાત્ર રકમ સંકટ સમયની સાંકળ સમાન છે. જે નવી સિઝનમાં ખેડૂતોને આર્થિક સક્ષમતા પ્રદાન કરવામાં અગત્યનો ભાગ ભજવશે. તેમણે કહ્યું કે, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ઓલપાડમાં થયેલા નુકશાનીનું સ્વ-નિરીક્ષણ કર્યુ હતું જે અમારા સૌ માટે ગૌરવની વાત છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલા નુકશાન માટે રાજ્ય સરકાર ૧૦ હજાર કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે જે બદલ મહુવા તાલુકાના ખેડુતોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. મહુવા તાલુકાના બિલખડી ગામના રાજેશભાઈ પટેલે કહ્યું કે, મે ડાંગર રોપણી કરી હતી પરંતુ કમોસમી વરસાદના કારણે ધણુ નુકશાન થયું છે. સરકારે ખેડુતોને ફરી બેઠા કરવા માટે સત્વરે સર્વે કરાવીને હેકટરદીઠ રૂ. ૨૨૦૦૦ની સહાયની જાહેરાત કરી જે બદલ રાજેશભાઈએ સરકારને અભિનંદન પાઠવ્યા હતા. મહુવા તાલુકાના બારતાડ ગામના અરુણાબેન પ્રવિણભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા ખેડુતો માટે રાહત સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે જે બદલ અભિનંદન પાઠવતા કહ્યું કે, આ વર્ષ વધારે પ્રમાણમાં વરસાદ વરસ્યો હતો જેથી અમે વાવેલા ડાંગરના પાકને મોટું નુકસાન થયું છે. ત્વરિત સર્વે કરી સરકારે હેકટરદીઠ અગાઉના વર્ષો કરતા વધુ સહાય આપવાનો નિર્ણય કર્યો છે જે અભિનંદનને પાત્ર હોવાનો મત વ્યકત કર્યો હતો.

# અડાજણ પાટીયા મેઈન રોડ પર લાગેલા સ્ટોલથી ટ્રાફીક જામ

## ટ્રાફીક પોઈન્ટ પાસે ઉભા કરાયેલા સ્ટોલથી વાહન ચાલકો પરેશાન

સુરત, તા.૧૦

સુરત શહેરના રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ અડાજણ પાટીયા પાસે મેઈનરોડ પર દર વર્ષે આ રીતે એક સ્ટોલ લગાડવામાં આવે છે. કોણ જાણે કેમ,આ રોડ ઉપર આવી જગ્યાએ આવા સ્ટોલ લગાડવાની પરવાનગી શા આપવામાં આવે છે? કારણ કે આ રસ્તાને સુરત મહાનગરપાલિકા તરફથી ૦ દબાણ રોડ જાહેર કરેલ છે.



તો તેની બાજુમાં જ એસટી નું સ્ટેન્ડ આવેલ છે,જ્યાં ઘણી બધી એસટી બસ ઉભી રહે છે ખાસ કરીને સાંજના સમયે સ્ટોલ પર આવતા ગ્રાહકો ફોરવીલર લઈને પણ આવતા હોય છે અને તેઓ રસ્તા પર આ સફેદ ગાડી ઉભી છે,તેવી રીતે ગાડીઓ ઉભી કરતા હોય છે. તેમજ અનેક ટુ-વ્હીલરો પર પણ રસ્તાની ઉપર ઉભા કરી દેવામાં આવતા હોય છે.જેને કારણે આ મેઈન રોડ પર ખૂબ ટ્રાફિક જામ થાય છે.તો આવા સ્ટોલને જો પરવાનગી આપી હોય તો પણ રદ કરવી જોઈએ.જેથી રસ્તા પરનું દબાણ દૂર થાય તેમ જ આ સ્ટોલ ચાર રસ્તાની બિલકુલ નજીક છે,જ્યાં ટ્રાફિકનો પોઈન્ટ છે. તે જગ્યાએ ખૂબ મોટી સંખ્યામાં વાહનો ઉભા રહેતા હોય છે, તો આવી જગ્યાએ કયા અધિકારી દ્વારા પરવાનગી આપવામાં આવી છે?તેની પણ તપાસ સુરત મહાનગરપાલિકાના કમિશનરે કરાવી જોઈએ. આ તસવીર ઘણું બધું કહી જાય છે.



# પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રમાં વંદે માતરમ્ ગાન અને સ્વદેશી અંગે શપથ ગ્રહણ

## વિકસીત ભારતના નિર્માણમાં સહભાગી થવા પૂર્ણેશભાઈ મોદીનો અનુરોધ

સુરત, તા.૧૦

ભારતના રાષ્ટ્રગીત ''વંદે માતરમ'' ના નિર્માણને ૧૫૦વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યવ્યાપી ઉજવણી "વંદે માતરમ જ૧૫૦" અંતર્ગત ૧૬૭ સુરત પશ્ચિમ વિધાનસભા વિસ્તારમાં આવેલ જહાંગીરપુરા, વિવેકાનંદ કોલેજ ખાતે રાષ્ટ્રગીતના મૂળ સ્વરૂપનું સમૂહગાયન તથા સ્વદેશી શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો

આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ૧૬૭ સુરત પશ્ચિમ વિધાનસભાના ઈન્ચાર્જશ્રી પ્રવીણભાઈ પટેલ, વિવેકાનંદ કોલેજના ટ્રસ્ટી મેહુલ જોશી, પૂર્વ કોર્પોરેટર દિગ્વિજયસિંહ બારડ, મેહુલ ઠાકર, મહેશ વી પટેલ, કોલેજના શિક્ષણ ગણ, વિદ્યાર્થી ગણ, તેમજ દેવતુલ્ય કાર્યકર્તાઓ સાથે મળીને રાષ્ટ્રીય ગીત ગાઈ આ ગૌરવવાનીત ક્ષણના સાક્ષી બનવાનો અવસર પ્રાપ્ત થયો.

વંદે માતરમ માત્ર એક ગીત નથી, પરંતુ તે આપણી રાષ્ટ્રીય ચેતના, આઝાદીના વીરોનું બલિદાન અને અખંડ ભારતની ભાવનાનું પ્રતિક છે. આ રાષ્ટ્રીય ગીત આજે પણ આપણે એકતા અને દેશભક્તિની પ્રેરણા સાથે આ પ્રસંગે સૌને એક ભારત, શ્રેષ્ઠ ભારત તેમજ વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ ધારાસભ્ય પૂર્ણેશ ભાઈ મોદીએ કર્યો હતો.

# મંત્રી ઇશ્વરસિંહ પટેલને આશિર્વાદ આપતા ખેડૂતો



અંકલેશ્વર, તા.૧૦

ગતરોજ ખેડૂત સમન્વય સમિતિ ભરુચ જીલ્લાના આશરે ૨૫૦જેટલા ખેડૂત ભાઈઓ દવારા મંત્રી ઈશ્વરસિહ પટેલ સાહેબ નો ભાડભૂતબેરેજ યોજના મા યોગ્ય વળતર અપાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો .અને આશરે ૨૫ જેટલી વિધવા બહેનો એ પણ હાજર રહી એમના બાકીના જીવન ને સુખરુપ બનાવવા બદલ ખૂબ આશિર્વાદ આપ્યા હતા. ભૂપે ન્દ્ર ભાઈ પટેલ તેમજ ઈશ્વરસિહ પટેલ મારુતિસિહ .તેમજ મનસુખભાઈ વસાવા જી ખેડૂત ભાઈઓ સાથે સતત સંપર્ક મા રહી આ યોજનાનુ નિરાકરણ લાવ્યા છે.અને જીલ્લા સમાહરતા એ પણ ખેડૂત ભાઈઓ ની સત્ય હકીકત સી એમ સાહેબ ને જણાવી યોગ્ય વળતર ચૂકવયુ છે.એ બદલ ખેડૂત સમન્વય સમિતિ આભારી છે.

# આરોગ્ય તંત્ર દ્વારા 31 દુકાનોમાં પનીર, ચીઝ, ઘીના સેમ્પલો લેવાયા

## મરી-મસાલાની દુકાનોમાં પણ સેમ્પલો મેળવવા સાથે તપાસ

સુરત, તા.૧૦

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય હસ્તકના ફુડ વિભાગ અને જેતે ઝોનના સેનિટેશન સ્ટાફને ડે.કમિશનશ્રી (ડી) (એચ.એન્ડ એચ.) તથા આરોગ્ય અધિકારી અને ડેઝીગ્નેટેડ ઓફીસરશ્રીની સુચના તથા સીધા માર્ગદશન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ખાદ્ય પદાર્થોની સંસ્થાઓની સઘન ચેકીંગ હાથ ધરી સંસ્થાઓમાંથી તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૦૮/૧૧/૨૦૨૫ સુધીમાં સવારની કામગીરી દરમ્યાન પનીર, ચીઝ એનાલોગ, ઘી, મરીમસાલાનુ ઉત્પાદન તેમજ વેચાણ કરતી કુલ-૩૧ સંસ્થાની સ્થળ તપાસ કરી પનીરના કુલ-૧૪, ચીઝ એનાલોગના કુલ- ૦૭ ઘીના કુલ-૧૭ ,મરી-મસાલાના કુલ- ૦૩, ચીઝના કુલ-૦૨ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી ફુડ સેફટી એકટ-૨૦૦૬ અને તેના નીતી-નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં પનીર, ચીઝ એનાલોગ, ઘીનો આશરે કુલ - ૪૨૬.૯ કીલોગ્રામ જેની કિંમત આશરે ૧,૪૪,૬૫૨/- ની મતાનો જથ્થો ફુડ વિભાગ દ્રવારા સીઝ કરવામાં આવેલ અને ૧૩૮ કીલોગ્રામ અખાદ્ય પદાર્થોનો જથ્થો નાશ કરવામાં આવેલ છે તેમ જેતે ઝોનના આરોગ્યના સેનીટેશન સ્ટાફ દ્રવારા ૧૫૭૦૦/- રૂપિયા વહીવટી ર્ખચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

સાંજના સમયગાળા દરમ્યાન ફુડ વિભાગ અને ઝોનના આરોગ્યના સેનીટેશન સ્ટાફ સાથે રહી સંયુકત અભિયાનની કામગીરી દરમ્યાન જુદી જુદી ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓમાં પીવાના પાણી, ગ્રીસ

અનુસંધાન પાના ૭ પર



# શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા કફન દાન

સુરત, તા.૧૦

માનવીય સેવાકીય પ્રવૃતિઓમાં સક્રિય એવુ સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા સદગત તારાબેન તુલસીદાસ ગાંધીના સ્મરણાંથે તેમના પરિવારના સદસ્ય ભરતભાઈ, પ્રકાશભાઈ અને અનિલભાઈ ની હાજરીમાં યુવક મંડળના પ્રમુખ હરિશ પીપવાલા ની આગેવાની હેઠળ ન્યુ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે કફન દાન નો કાર્યક્રમ યોજાયો. આ સેવા કાર્ય માં કફન નો જથ્થો સિવિલ હોસ્પિટલના ડો. ભરતભાઈ ચાવડાએ સ્વીકારી યુવક મંડળની સતત મળતી આ સેવાને બિરદાવી. પ્રમુખ હરીશભાઈ પીપવાળાએ દાતા પરિવારના સદસ્યોનો આભાર વ્યક્ત કર્યો અને આવા દાતાઓના સથવારે આ સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે છે તેવું જણાવ્યું. વસંતભાઈ ગોળવાળાએ આ કફનદાન નું મહત્વ અને કારણ જણાવ્યા. આ સેવામાં દાતાશ્રીઓ અને પ્રમુખ હરીશ પીપવાળા સાથે નીતિન ઘાએલ, વસંત ગોળવાળા, મનોજ ગાંધી, જીતુ કટલરીવાળા, ચંદ્રેશ પાનવાલા, ધર્મેશ મહેતા, વિજય માસ્તર, જય વદન ઘીવાલા, મોન્ટુ જીનવાલા, પંકજ માંજરાવાળા, આશિષ મોદી વગેરે હાજરી આપી આ સેવા કાર્યને પૂર્ણ કર્યો.

# માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષોને વિવિધ રંગોથી શોભાયમાન કરાયા

## કાર્યક્રમમાં રાજ્ય મંત્રી ઈશ્વર પટેલ રહ્યા વિશેષ ઉપસ્થિત



અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર શહેરના માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરી વિસ્તારોમાં વૃક્ષોને વિવિધ રંગોથી વધુ શોભાયમાન કરવા માટેના વિશેષ અભિયાનનો રાજ્યમંત્રી ઈશ્વરભાઈ પટેલની અધ્યક્ષતામાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વેદ સુક્તિ સ્વચ્છતામાં પરમેશ્વરનો વાસ થાય છે, તે અનુસાર અંકલેશ્વરના માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટએ સામાજીક સુકાર્યો ઉપરાંત અંકલેશ્વર શહેરી વિસ્તારોને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવાના નવતર અભિગમ હાથ ધર્યો છે. જેમાં શહેરના જાહેર માર્ગો પર આવેલા વ્રુક્ષોને વિવિધ રંગોથી વધુ શોભાયમાન કરવા માટે નિર્ધાર કરવામાં આવ્યો છે.

અંકલેશ્વર શહેરની જિનવાલા સ્કૂલ ખાતેથી આ અભિયાનનો રાજયમંત્રી ઈશ્વરભાઈ પટેલની અધ્યક્ષતામાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. કોઈપણ જાતના અંગત લાભની અપેક્ષા વગર પ્રજાની સાથે રહીને તેમના સહયોગથી RETURN TO NATUREની ઉદ્દાર્ત ભાવનાઓને સાચા અર્થમાં નવપલ્લવિત કરવા માટે માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ આગળ આવ્યું છે.

આ પ્રસંગે રાજ્યમંત્રી ઈશ્વરભાઇ પટેલ, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ લલિતા રાજપુરોહિત, ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થ, કારોબારી ચેરમેન નિલેષ પટેલ, માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન સંદીપ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે અંકલેશ્વરના નગરજનોએ પણ માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટની સરાહનીય કામગીરીને બિરદાવી ખૂબ પ્રસંસા કરી હતી.

# રૂ.૧૦ હજાર કરોડના કૃષિ સહાય પેકેજને આવકારતા સહકારી આગેવાનો અને ખેડૂતો

## ‘કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કરતા ખેડૂતોમાં નવી આશા, ઉમંગ અને ઉત્સાહનો સંચાર થયો છે.’: સહકારી અગ્રણી જયેશભાઈ પટેલ

સુરત, તા.૧૦

કમોસમી વરસાદથી અસરગ્રસ્ત રાજ્યના ખેડૂતો માટે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રૂ.૧૦ હજાર કરોડનું કૃષિ સહાય પેકેજ જાહેર કરતા સહકારી આગેવાનો અને ખેડૂતોએ રાજ્ય સરકાર પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કર્યો હતો.

મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ રાજ્ય સરકારના કૃષિ સહાય પેકેજને આવકારતા જણાવ્યું હતું કે, રાજ્યના ધરતીપુત્રો માટે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું રૂ. ૧૦ હજાર કરોડના રાહત-સહાય કૃષિ પેકેજની જાહેરાત કરી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડૂતોને આ નુકસાનમાંથી ઝડપભેર બેઠા કરવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે ઉદારભાવે પિયત અને બિનપિયત પાકોના નુકસાન સામે એકસમાન વળતર આપવાનો અભિગમ ખેડૂતોને આધાર પૂરો પાડશે એમ જણાવી રાજ્યના લાખો ખેડૂતો વતી રાજ્ય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના દેલાડ ગામના વતની અને સહકારી અગ્રણી જયેશભાઈ પટેલે કૃષિ રાહત પેકેજને જાહેરાત અંગે હર્ષ વ્યક્ત કરતા કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે કમોસમી વરસાદના મારથી નિરાશ થયેલા લાખો ખેડૂતોનું હિત નજર સમક્ષ

અનુસંધાન પાના ૭ પર

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતો-મિલ્કતદારો માટે સૂચના

## કુંવરદા ગામની જમીનના મિલ્કતધારકોએ તા.૨૫મી નવેમ્બરે હાજર રહેવું


સુરત, તા.૧૦

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના કુંવરદાના બ્લોક નં.૧૩૪,૧૫૮,૧૬૦,૧૬૧,૬૦૫ વાળી તમામ મિલ્કતધારકોને જાણ કરવામાં આવે છે કે, આ નંબરવાળી બિનખેતીની જમીન બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે સંપાદન થતા હિતકર્તા ખાતેદારોને વળતર ચુકવવા બાબતે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીની અધ્યક્ષતામાં તા.૧૦/૯/૨૦૨૫ના રોજ મળેલી મીટીગની સુચના મુજબ આ નંબરોની માપણી કરવાનું જણાવેલ

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર લેન્ડ ફીલ સાઈટ પર સોલાર પ્લાન્ટ કાર્યરત

## પરંપરાગત ઉર્જા સ્ત્રોતની નિર્ભરતામાં ઘટાડો



અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર સ્થિત solid waste ની લેન્ડ ફીલ સાઇડની ઉપર ૨.૧ મેગાવોટ DC સોલર પાવર પ્લાન્ટ પ્રસ્થાપિત કરાયો. મ્ટ્રૈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ નો આ એક સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ છે, કારણ કે સોલર પ્લાન્ટ લેન્ડફિલ પર સ્થાપિત કરવામાં આવ્યો છે - ભારતમાં તેના પ્રકારનો આ પહેલો પ્લાન્ટ છે. આ સોલાર પ્લાન્ટ માટે ઘન કચરા ની ભરાયેલી સાઈડ ઉપરની જમીનનો પુનઃ ઉપયોગ ઉર્જા ઉત્પાદન માટે કરાયો છે. આગામી ૧૫ દિવસમાં વધારાની ૬૫૦ kW ક્ષમતા કાર્યરત થવાનું આયોજન છે, જે કુલ સૌર ક્ષમતા ૨.૭૫ MW સુધી પહોંચાડશે. એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, સોલર પ્લાન્ટ યુનિટની કુલ વીજળી જરૂરિયાતના લગભગ એક તૃતીયાંશ ભાગને પૂર્ણ કરશે, પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પરની અમારી નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો કરશે અને અમારા કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડશે. કંપની ના મેનેજિંગ ડિરેક્ટર અશોક પંજવાની જણાવ્યું કે આ સિદ્ધિ ગ્રીન એનર્જી, પર્યાવરણીય દેખરેખ અને જવાબદાર ઔદ્યોગિક વિકાસ પ્રત્યેની અમારી ચાલુ પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

# નવયુગ કોમર્સ કોલેજ ખાતે વંદે માતરમ્નું સમૂહ ગાન

## રૌષ્ટ્રગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી

સુરત, તા.૧૦

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કોલેજ – NSS વિભાગ દ્વારા પ્રિ. ડો. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વંદે માતરમ રાષ્ટ્રગીતની ૧૫૦મી ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે શપથવિધિ યોજાઈ હતી, જે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા લેવડાવવામાં આવી. ત્યારબાદ કોલેજના સમગ્ર સ્ટાફે એકસાથે વંદે માતરમ રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું, જે ડો. બિંદુ શાહના નેતૃત્વ હેઠળ ગવડાવવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપલ ડો. વિનોદભાઈ પટેલે પોતાના સંબોધનમાં રાષ્ટ્રગીતનું ઐતિહાસિક મહત્વ સમજાવ્યું અને દેશપ્રેમ તથા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે સ્વદેશી વિચારધારા રાષ્ટ્રના આત્મસન્માનનું પ્રતિક છે. આ કાર્યક્રમનું સફળ આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડો. રૂપેશ દવે, તથા ડો. ધરિત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

# માંડવીમાં ‘પશુ પોષણ અને બચ્ચા ઉછેરનું મહત્વ’ વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો

## પશુપાલકોને દુધાળા પશુઓની વૈજ્ઞાનિક રીતે સાર-સંભાળ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું

સુરત, તા.૧૦

માંડવી તાલુકાના દેવગઢ ગામે પશુ વિજ્ઞાન કેન્દ્ર અને કામધેનુ યુનિવર્સિટી, નવસારી કેમ્પસના સંયુકત ઉપક્રમે "પશુપાલનમાં પશુ પોષણ અને બચ્ચા ઉછેરનું મહત્વ " વિષયક એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં ૫૪ પશુપાલકોએ ભાગ લીધો હતો

આ પ્રસંગે પશુચિકીત્સા અધિકારી ડો.સચિનકુમાર કલાસવાએ પશુ વિજ્ઞાન કેન્દ્રના ઉદેશો અને કામગીરીની વિગતવાર માહિતી આપી હતી. પશુ સંશોધન કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. મુકેશભાઇ કટારિયાએ પશુપાલનમાં પશુઓને ધાસચારો, દાણ, અનાજ સહિત પોષણનું મહત્વ સમજાવ્યું હતું. ડૉ. સંજયકુમાર પરમાર (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) એ પશુપાલનમાં બચ્ચા ઉછેરનું મહત્વ વિસ્તૃત રીતે સમજાવી હતી. તાલીમના અંતે ડૉ. મુકેશભાઇ કટારિયા અને ડૉ. સુનિલકુમાર પ્રજાપતિએ પશુપાલકો પાસેથી પ્રશ્નો અને મૂંઝવણો સાંભળી તેઓના પ્રશ્નોના નિરાકરણ કર્યું હતું. તાલીમ દરમિયાન પશુપાલકોને પ્રોત્સાહનના ભાગરૂપે પશુપાલન વિષય આધારિત સાહિત્યની કિટનું વિતરણ પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ હેડ, પશુ સંશોધન કેન્દ્ર, કામધેનુ યુનિવર્સિટી, નવસારીના ડૉ.કે.એન.વાધવાણી તથા વિસ્તરણ શિક્ષણ

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેર-જિલ્લામાં મેદસ્વિતા મુકિત કેમ્પનું આયોજન

સુરત, તા.૧૦

રાજયના જનતાને સ્વસ્થ અને મેદસ્વિતા મુકત રાખવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન અંતર્ગત તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫ દરમિયાન સવારના ૬.૩૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન સુરત જિલ્લા તથા શહેરમાં અલગ અલગ સ્થળોએ મેદસ્વિતા મુકત અભિયાન હેઠળ કેમ્પો યોજાશે. આ બીજા રાઉન્ડ માટે લીંકઃ http:// medasvitacamp.gsyb.in/ પર વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવા માટે યોગ બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વરાછાની શિવાય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલને સીલ મરાયું

## મહિલાઓના ગેરકાયદેસર ગર્ભપાત કરતા હોવાનું સામે આવ્યું

સુરત, તા.૧૦

સુરત જિલ્લા આરોગ્ય અધિકારી અને ડિસ્ટ્રીક એપ્રોપ્રિએટ ઓથોરિટી(પી.એન.ડી.ટી) ડો.અનિલ બી.પટેલને સમાચારપત્ર દ્વારા ખાનગી હોસ્પિટલમાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ થતું હોવાના અહેવાલો મળતા તેઓએ તા.૫/૧૧/૨૦૨૫ના રોજ સાંજે ૫.૩૦ વાગે સુરતના વરાછા વિસ્તારની શિવાય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, એલ.એચ.રોડ, લાભેશ્વર ચોકડી પાસે પોતાની ટીમ દ્વારા તપાસ કરી હતી. આ હોસ્પિટલમાં રામગોપાલ ખંડેલવાલ અને ડો.મિલન સોંડાગર બેસેલા હતા. તેમજ સિસ્ટર કલ્પના લેબર રૂમની અંદર એક મહિલા દર્દીની ગર્ભપાતની પ્રોસેસ કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે અન્ય ચાર દર્દીઓ દાખલ હતા. આમ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ અને ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ એકટ-૨૦૨૧ અને એમ.ટી.પી. એકટના નિયમોનો ભંગ થતો હોવાનું તથા શંકાસ્પદ કામગીરી હોસ્પિટલમાં થતી હોવાનું જણાતા તેમજ મળેલા સમાચાર બાબતે રામગોપાલને પૂછપરછ કરતા જણાવેલ કે ફોટોવાળા મિતેશભાઈ છે અને ઓળખતા હોવાનું જણાવ્યું. હોસ્પિટલમાંથી મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગન્સીની દવાઓ પર મળી આવી હતી. આમ,પ્રાથમિક તપાસમાં ફરિયાદ સાચી નીકળતા હોસ્પિટલને PC&PNDT એકટ, ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ

અનુસંધાન પાના ૭ પર

# તેલની રેલમછેલ પર લગામ રાખો

આપણા શરીરના કાર્યો બરાબર ચાલે તે માટે અનેક પ્રકારના પોષક તત્ત્વો સામાન્ય રીતે આપણે સમતોલ આહાર લેતાં હોઈએ તો એમાંથી જ મળી રહે છે. સમતોલ આહારમાં અનાજ, કઠોળ, લીલાં પાંદડાવાળા શાકભાજી, અન્ય શાકભાજી, ફળ કંદ ઘી અથવા તેલ ગોળ અને ખાંડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જેઓ ઈંડા માંસ મચ્છી વગેરે ખાતા હોય તો તેમાંથી પણ સારા એવા પોષણ મૂલ્યો મળે છે. સમતોલ આહારની વ્યાખ્યા જોઈએ તો આમ લખી શકાય કે જે ખોરાકમાંથી મનુષ્યને પોતાની ઉંમર જાતિ કાર્ય, પદ્ધતિ તથા ઋતુ પ્રમાણે અથવા ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે કેલરી તથા પોષણ મૂલ્યો પૂરતા પ્રમાણમાં મળી રહે તે સમતોલ આહાર ઉપર જણાવેલા ખાદ્ય પદાર્થો લેવાથી તે મોટે ભાગે મળી રહે છે. ખાસ કરીને ગુજરાતમાં તેલનો મહિમા વધારે છે. એટલે તેલમાં તળેલા નાસ્તા તથા વધુ તેલ વાળી વાનગીઓ કે જે પોચી, અગર ફરસી હોય તેને સારી ગણતા હોઈએ છીએ અથવા કહો કે ખાવાની મઝા પડે છે અને સ્વાદમાં પણ મીઠી લાગે છે. આમ તો દરેક પ્રદેશમાં વધુ તેલવાળી વાનગીઓ હોય છે. તેલ કંઈ ખોટુ નથી. શરીરમાં તેલ પોષણ આપે છે પણ આપણા આહારમાં તેનો વધુ પડતો ઉપયોગ ખોટો છે. હવે તો લોકો આ બાબતે જરા જાગૃત થયા છે. એટલે જમણવાર જેવા પ્રસંગોમાં રેલા જરા ઓછા થાય છે. વળી તેલ જરા ઓછું નાંખજો એવી પણ સૂચનાઓ અપાય છે અને મહારાજો હવે કંઈ સાંભળતા પણ થયા છે. કોઈને પણ કહો કે તમે વઘારમાં તેલ ઓછું નાંખો તો વજન ઘટાડવામાં મદદ થશે. કે સારું રહેશે. તો વળતો જવાબ આપશે કે બહુ તેલ વાપરતી જ નથી. અને જો એવી વ્યક્તિની વઘાર કરતા પહેલા તાવડીમાંથી ચમચી ચમચી તેલ લઈ લઈએ તો પાંચથી સાત ચમચી તેલ લઈ લીધા પછી પણ તાવડીમાં તેલ હોય છે અને એ જ તેલમાં આરામથી વઘાર કરી શકાય. વળી શાક સ્વાદમાં ખરાબ લાગતું નથી. તો આશું બતાવે છે ? કે એ કુટુંબમાં રોજ પાંચથી સાત ચમચી તેલ બીન જરૂરી ખવાતું હતુ જેની કોઈ જરૂર નહોતી! કેટલાક શાક તેલમાં ચઢાવવાથી સારા લાગે છે. વાત કબૂલ છે પણ તેવા શાક કદીક ખાવા ચાલે. અથવા તો થોડા તેલથી તે (જો બહુ ભાવતા હોય) કેવી રીતે બનાવી શકાય તે ગૃહિણીઓ પ્રયોગ કરી શોધી કાઢવું જોઈએ. તેલ ખાઓ કે વાપરો તો તોલી તોલીને ! તો શરીર તંદુરસ્ત હોવા માટે કુદરતી મદદ મળશે. ઉપરનું સુત્ર રસોડામાં લખવા જેવું છે. ખાસ કરીને જુવાનિયા ફરસાણિયા થઈ જાય છે. કામ ધંધો બરાબર ચાલે. કમાઈ સારી હોય એટલે રોજ ફરસાણ ખાય્ ને વળી



મીઠાઈ ખાધા પછી આરામ કરે. અરે ભાઈ, જરા તો વિચારો પરમાત્માએ માનવદેહની અમૂલ્ય ભેટ આપી છે તો તેનો અનેક સદ્કાર્યોમાં ઉપયોગ કરો. શા માટે વધુ તેલ ખાઈને તેને નાદુરસ્ત કરી નાખવું ? પણ આ સત્ય સાંભળવું ગમતું નથી. આમાં કંઈક અંશે ગૃહિણી પણ જવાબદાર છે. ભલે ખરાબ લાગે પણ વાત સાવ સાચી છે. એક મિત્રને ત્યાં જવાનું થયું તો આસપાસ, ભાઈઓ એક જ કમ્પાઉન્ડમાં રહેતા હતા. એક ભાભી આવ્યા ને કહે કે બેન વજન બહુ વધે છે. કંઈક ઉપાય બતાવો. મેં કહ્યું, ભાભી શાકના વઘારમાં કેટલું તેલ વાપરો છો ? તો કહે કે થોડુ તો કહ્યુ કે પછી પાણી કેટલું નાખો છો ? તો કહે કે પછી એ તેલમાં જ શાક ચઢી જાય. પાણી નાખવુ પડતુ નથી. હવે કોઈપણ વિચારી શકે કે એમનું શાક શેમાં ચઢતું હશે અને આ જન્મમાં એ કદી પાતળા કે સરખા થાય ? સ્વાભાવિક છે કે મેં કહ્યું કે ભાભી વઘારમાં તેલ બે ત્રણ ચમચી નાંખો તો કહે કે કોઈ શાક ખાય જ નહીં. છેવટે મેં કહ્યું કે જેટલું વાપરતા હો તેના કરતા બે-ત્રણ ચમચી ઓછું નાંખો કે કાઢી લો અને ધીમે ધીમે ટેવ પાડો કે એવા શાકભાવતા થાય.આવી હાલતમાં ઘણા ઘરમાં હશે જરા વિચારો આવી ટેવ શા માટે પાડો છો ? સારું ખાવાનું ઘણું સારુ છે પણ આપણું કુટુંબ એ આપણું છે. તેની તંદુરસ્તી આપણા હાથમાં છે. તેલ આપણા હાથે પડે છે. પૈસા વાપરવા સહેલા છે. કમાઈ પણ લેવાય પણ તેલનો હિસાબ તો ટીપે ટીપાનો રાખો કેમ કે ચરબી ખસેડવી અતિ મુશ્કેલ છે. એક ચમચી નાની ચાની સામાન્યમાં પાંચથી છ ગ્રામ જેટલું તેલ માંય. સામાન્ય રીતે તેલ કંઈ (લેવલ, સપાટ માપી શકાતુ નથી. માટે ૬ ગ્રામ, જેટલું થાય. હવે એક ગ્રામ તેલમાંથી ૯ કેલરી મળે એટલે એ ચમચી તેલમાંથી આશરે ૪૫ થી ૫૫ જેટલી કેલરી મળે. જો વચલે ગાળે વિચારીએ તો સગવડની દ્રષ્ટિએ ૫૦ કેલરી મળી. હવે વિચારો કે કેટલું તેલ ખાશો ? આ વાત ઘણી જ અગત્યની છે. કેમ કે આ મગજમાં બરાબર અંકિત થાય તો જ આપણે સારી તબિયત અને લાંબુ સ્વસ્થ જીવન જીવી શકીએ. હવે તો કોઈ ઓપરેશન કરવુ હોય તો ડોક્ટરો પણ આરામથી કહે કે જરા વજન ઉતારો. તેઓ પણ વધુ વજનવાળાનું ઓપરેશન કરતા વિચારે છે અને સુડોળ રહેવું કોને ન ગમે ? વધુ તેલ ખાવાથી વધુ કેલરી મળે અને પરિણામે વજન વધે અને વજન વધતા અનેક રોગો ધીમે ધીમે પાસે આવે. બ્લડપ્રેશર ડાયાબિટીસ હાર્ટએટેક વગેરે વધુ તેલ ખાવાથી શીરાઓ અંદરથી જાડી થવા લાગે છે. જેને પરિણામે લોહી વહનનું કાર્ય બરાબર થતું નથી અને પોષણ પહોંચાડવાનું કાર્ય પણ મંદ પડે છે. જેથી તકલીફો શરૂ થાય છે. વધુ વજનથી હાંફ ચડે છે. થાકી જવાય છે. તથા ઉઠતા બેસતા તકલીફ પડે છે. આમ હલનચલનમાં પણ મુશ્કેલી પડે છે અને પછી એકવાર અમુક વજન વધી જાય પછી એ સહેલાઈથી ઘટાડી શકાતુ નથી અને અમુક ભાગ પરથી તો નથી ખસતુ. થાકી જવાય હાંફી જવાય એટલે એક પ્રકારની અશક્તિ લાગે. પરિણામે જરાક ચા પીએ કે જરાક ખાઈએ જેથી રાહત રહે.

તો આમનો આમ શરીરમાં કેલરી ઉમેરાતી જાય અને માણસ, આરામથી જાડો થયા કરે. પહેલાના જમાનામાં લોકો ઘી ખરેખર ખાતા હતા. પણ જમવાનું હોય ત્યારે પાંચ સાત કિ.મી. તો સહેજે ચાલી નાંખી પછી બરાબર લાડવા કે ઘીવાળી મીઠાઈ ખાય. પણ પાછા ચાલતા ઘરે જાય ત્યારે આપણે તો વાહનમાં જવાય ત્યાં સુધી જઈએ આરામથી ખાઈએ અને પાછા પણ વાહનમાં જ ઘેર આવીએ અને જરા વધારે ખવાઈ ગયું હોવાથી આડા પડીએ અને ઊંઘી જઈએ. જેથી સારું પણ લાગે.

# એસિડિટી બિમારીઓનુ કારણ બને છે

મોટા ભાગના લોકો એસિડિટીને ખુબ હળવાશથી લેતા હોય છે અને તરત રાહત મેળવી લેવા માટે બજારમાં ઉપલબ્ધ દવાઓનો આડેધડ ઉપયોગ કરે છે. પરંતુ નિષ્ણાંત તબીબો માને છે કે એસિડિટીના મુખ્ય કારણોને દુર કરીને આ સમસ્યાથી બચી શકાય છે. આના માટે કેટલાક પાસાને અમલી બનાવવાની જરૂર છે. પેટમાં એસિડનુ પ્રમાણ નિયંત્રિત રહે તે જરૂરી છે. એસિડનુ પ્રમાણ પેટમાં વધતાની સાથે જ તમામ સમસ્યા શરૂ થઈ જાય છે. લાપરવાહી રાખવાની સ્થિતીમાં આ સમસ્યા વારંવાર સપાટી પર આવવા લાગી જાય છે. યોગ્ય ઈલાજ નહી થવાની સ્થિતીમાં પેટમાં અલ્સર સુધીનો ખતરો થઈ જાય છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે અમારા પેટમાં પીએચ બેલેન્સ બગડી જવાની સ્થિતીમાં એસિડિટીની સમસ્યા સપાટી પર આવે છે. લાંબા સમય સુધી પેટમાં અસિડનુ પ્રમાણ વધેલુ રહે છે. જેથી પેટની સપાટી પર પણ તેની અસર જોવા મળે છે. હકીકતમાં પાચન માટે સામાન્ય રીતે ડાઈડ્રોક્લોરિક એસિડનુ સ્ત્રાવ થાય છે. જે ખુબ અમલીય હોય છે. પેટ પર ભીની માટીની પટ્ટી અડધા કલાક સુધી રાખવાથી પણ રાહત મળે છે. સવારમાં ખાલી પેટમાં નિયમિત રીતે ફરવાથી પણ ફાયદો થાય છે. માનસિક ટેન્શન પર નિયંત્રણ રાખવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત વજન એકાએક વધી જવાની સ્થિતીમાં એલઈએસ કમોજર થવા લાગી જાય છે. તેની સંકુચિતતા એટલી ઓછી થઈ જાય છે કે તે પોતાની રીતે ખુલી જાય છે. આવી સ્થિતીમાં એસિડ પેટમાં પહોંચી જાય છે. વારંવાર આવુ થવાની સ્થિતીમાં અન્નનળીમાં કેટલીક વખત સોજા આવી જાય છે. કેટલાક લોકોમાં સામાન્ય કરતા વધારે પ્રમાણમાં હાઈડ્રોક્લોરિક એસિડનુ સ્ત્રાવ થાય છે. જેના કારણે એસિડીટી વધી જાય છે. કેટલીક વખત એચ પાયલોરી બેક્ટિરિયાની હાજરીના કારણે પણ એસિડિટી વધી જાય છે. ૬૦ વર્ષથી ઉપરની વયના લોકોમાં આ સમસ્યા વધારે જોવા મળે છે. એસિડિટીના કેટલાક લક્ષણ રહે છે. જેમાં ગળામાં બળતરા, પેટ ફુલવાની બાબત, માથામાં દુખાવો, પેટમાં ગેસની સમસ્યા, ઉલ્ટી થવાની બાબતનો સમાવેશ થાય છે. વધારે પડતી તીખી ચીજવસ્તુઓ અને તળેલી ચીજવસ્તુઓના ઉપયોગ અને જંક ફુજ વધારે પ્રમાણમાં ખાવાની સ્થિતીમાં આના લક્ષણ રહે છે. વધારે પ્રમાણમાં ચા અને કોફી પીવાના કારણે પણ આ સમસ્યા આવી શકે છે. ગરમ ભોજન ખાવાની સાથે સાથે ઠંડુ અને જરૂર કરતા વધારે પાણી પીવાની સ્થિતીમાં પણ આ તકલીફ થાય છે. લાંબા સમય સુધી ખાલી પેટ રહેવાની બાબત , યોગ્ય અને નિર્ધારિત સમય પર ભોજન નહી કરવાની બાબત પણ યોગ્ય નથી. ભોજન કર્યા બાદ તરત સુઈ જવાની બાબત બિલકુલ યોગ્ય નથી. ધુમ્રપાન અને શરાબના ઉપયોગના કારણે પણ એસિડિટીની સમસ્યા આવી શકે છે. ટેન્શનમાં રહેવાની બાબત યોગ્ય નથી. પુરતા પ્રમાણમાં ઉંઘ નહીં લેવાની સ્થિતીમાં પણ આ સમસ્યા આવી શકે છે. એસિડિટીની સમસ્યા રહેવા માટે સ્થુળતા, કેન્સરમાં કિમિયોથેરાપીની સારવાર, વૃદ્ધાવસ્થા અને ગર્ભાવસ્થામાં એસિડિટીની સમસ્યા કેટલીક મહિલાઓને રહે છે. ખાવા પીવાની ખોટી ટેવઅને બગડી ગયેલી લાઈફસ્ટાઈલના કારણે પણ મોટા ભાગના લોકો આધુનિક સમયમાં આ સમસ્યાથી ગ્રસ્ત રહે છે. પેટમાં એસિડના પ્રમાણને કાબુમાં રાખીને સરળતાથી બચી શકાય છે.એસિડીટી દુર કરવામાં કેટલાક ફળોની ખાસ ભૂમિકા રહેલી છે. કેળાને સૌથી વદુ કુદરતી એન્ટાસિડ તરીકે ગણવામાં આવે છે. દરરોજ એક કેળુ ખાવાની સ્થિતીમાં ફાયદો થાય છે. પેટ અથવા તો છાપીમાં બળતરા હોવાની સ્થિતીમાં આનો ઉપયોગ કરવો જોઈએ., બીજી બાજુ છાછ એસિડ પેટમાં ઘટાડે છે.

# તુલસીના પત્તા ઘણા ઇન્ફેક્શન રોકે છે


## ઇમ્યુનિટી પાવર વધારીને કેટલાક પ્રકારના ઇન્ફેક્શનને રોકી શકાય છે : શરદી, ખાંસી અને ઉધરસમાં તુલસીના પત્તા ખુબ ફાયદાકારક

હાલના દિવસોમાં મોટી સંખ્યામાં લોકોને શરદી, ખાંસી અને ઉધરસની સમસ્યા રહે છે.આવા જ લોકો આ બિમારીને અન્યો સુધી પણ પહોંચાડી દે છે. આવુ ઈન્ફેક્શનના કારણે થાય છે. જ્યારે કોઈ ઈન્ફેક્શનથી ગ્રસ્ત વ્યક્તિ કોઈ બીજી વ્યક્તિની પાસે છીંક ખાવે છે અને ખાંસી ખાય છે ત્યારે કમજોર ઈમ્યુનિટી સિસ્ટમ હોવાના કારણે અન્યોને પણ આ સમસ્યા થઈ જાય છે. જો કે આ તમામ ઈન્ફેક્શનથી બચવા માટે રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવાની જરૂર છે. આજે અમે એક એવી ચીજ અંગે વાત કરવા જઈ રહ્યા છીએ જેના કારણે ઈમ્યુનિટી અથવા તો રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. કેટલાક રોગ પણ ભાગી જાય છે અથવ તો પાસે આવતા નથી. આ ડ્રીકનુ નામ શુ છે તેની ચર્ચા છે ત્યારે આને બેસિલ વોટર ડ્રિન્કના નામથી પણ ઓળખવામાં આવે છે. આ ડ્રિન્ક તુલસીના પત્તામાંથી તૈયાર કરવામાં આવે છે. નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઈન્ફોર્મેશન દ્વારા જારી કરવામા આવેલા રિસર્ચ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તુલસીના પત્તામાં ઈમ્યુનિટી સિસ્ટમને મજબુત કરવામાં ભૂમિકા હોય છે. તેમાં ઈમ્યુનિટી પાવરને વધારે તેવા ગુણ હોય છે. ગરમ પાણીની સાથ તેની પત્તીઓને મિક્સ કરવામાં આવે તો વધારે ફાયદો થાય છે. ગરમ પાણીની સાથે તેની પત્તીને ઉકાળી લેવામાં આવે તો તેમાં રહેલી ઈમ્યુનિટી બુસ્ટર ગુણ પાણીમાં સરળતાથી મિક્સ થઈ જાય છે. જેને અમે ડ્રિન્ક તરીકે ઉપયોગમાં લઈ શકીએ છીએ. આના કારણે અમારી રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. આ ઉપરાંત પણ આ ડ્રિન્કને પીવાથી ફાયદા થાય છે. કેટલાક પ્રકારના ઈન્ફેક્શનના કેસોથી આના કારણે બચી શકાય છે. તુલસીના પત્તાથી તૈયાર કરવામાં આવતી ડ્રિન્કને પીવાથી પાચન ક્રિયાને વધારી દેવામાં મદદ મળે છે. રોજ સવારમાં ઉઠી ગયા બાદ જો આ ડ્રિન્કનો ઉપયોગ કરવામાં આવે તો પેટ સાફ રહે છે. સાથે સાથે પાચન પ્રક્રિયા યોગ્ય રીતે કામ કરે છે. હકીકતમાં તુલસીના પત્તામાં ફાઈબરનુ પ્રમાણ હોય છે. જે પાચન પ્રક્રિયાને માટે ખુબ જરૂરી પૌષક તત્વ તરીકે હોય છે. જેથી જો તમે પાચનને મજબુત રાખવા માંગો છો તો આ ડ્રિન્કનો ઉપયોગ કરી શકો છો. આ ડ્રિન્ક ડાયાબિટીસના જોખમને ઘટાડી દે છે. આ પત્તીને ઉકાળીને પીવાથી ઈમ્યુનિટી પાવર વધારે છે. જેથી છ જેટલી બિમારી નજીક પણ આવતી નથી. જે લોકોને ડાયાબિટીસની તકલીફ છે તે લોકો ડ્રિન્કનો ઉપયોગ કરી શકે છે. સપ્તાહમાં ત્રણ ચાર વખત તેનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. તુલસીના પત્તામાં રહેલા એન્ટી ડાયાબેટિક ગુણ ડાયાબિટીસ થવાના ખતરાને પણ ઘટાડી દે છે. આવી જ રીતે જો કોઈને ડાયાબિટીસની સમસ્યા છે તો તે ડાયાબિટીસના કારણે થનાર આરોગ્યના ખતરાને ઘટાડી દેવામાં ભૂમિકા અદા કરે છે. અન્ય બિમારીને પણ ટાળી દેવામાં સહાયક બને છે. જેથી ડાયાબિટીસથી ઝઝુમી રહેલા લોકો આનો ઉપયોગ કરી શકે છે.ક્યારેય રમતી વેળી અથવા તો કોઈ કામ કરતી વેળા હાથમાં સોજા આવી જાય છે. આવી સ્થિતીમાં પણ તુલસીના પત્તા ઉપયોગી સાબિત થાય છે. એટલુ જ નહીં કેટલીક વખત કસરત કરતી વેળા માંસપેશીઓમાં ખેંચાણ આવે છે તો તેમાં પણ તે ઉપયોગી સાબિત થાય છે. સ્કીન માટે પણ તે ખુબ લાભકારી છે. આ ડ્રિન્કનો ઉપયોગ કરવાથી સ્કીન સંબંધિત કેટલાક ફાયદા થાય છે. સ્કીન પર એન્ટી એજિંગની અસર પણ ઘટી જાય છે. ચાની સાથે તુલસીના પત્તાનો ઉપયોગ કરવામાં આવે તો સ્કીનને ફાયદો થાય છે. હાલમાં કોરોના વાયરસનો આતંક છે ત્યારે તેને રોકવામાં પણ તેની ભૂમિકા હોઈ શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે.



# ઉનાળામાં આ રીતે રાખો ત્વચાની સંભાળ

**સૌથી પહેલી અને મહત્ત્વની વાત એટલે તમારી ત્વચાને શક્ય હોય એટલી સાફ રાખવાનો પ્રયાસ કરો. દરરોજ બે ટાઈમ સ્નાન કરવાનું રાખો.**







**ઉનાળામાં તમારી જાતને ખૂબ જ હાઈડ્રેટ રાખો. ઉનાળામાં પાણીની કમીને કારણે હાઈડ્રેશનની સમસ્યા જોવા મળે છે. રોજ સવારે ઊઠીને પાણી પીવાનું રાખો અને આખા દિવસ દરમિયાન શક્ય હોય એટલું વધારે ને વધારે પાણી પીઓ.**





ઉનાળાની લૂ અત્યારે એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ અનુભવાઈ રહી છે અને તેની અસર દરેક વ્યક્તિ પર જોવા મળે છે પછી તે મહિલા હોય કે પુરુષ. દરેકની ત્વચા અલગ અલગ પ્રકારની હોય છે અને એટલે જ તેની દેખભાળની પદ્ધતિ પણ અલગ અલગ હોય છે. સૂરજમાંથી નીકળી રહેલાં યુવી એટલે કે અલ્ટ્રાવાયોલેટ કિરણો તમારી ત્વચામાં રહેલા મોઈશ્ર્ચરાઈઝને ખેંચી લે છે અને અકાળે વૃદ્ધત્વ લાવવામાં નિમિત્ત બને છે. જરૂરી નથી માત્ર મહિલાઓએ જ પોતાની ત્વચાનું ધ્યાન રાખવું, પુરુષોએ પણ પોતાની ત્વચાનું ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે. આજે આપણે અહીં વાત કરીશું કેટલીક એવી ટિપ્સ વિશે કે જે દેખાવમાં અને સાંભળવામાં એકદમ બેઝિક લાગે છે, પણ તેને કારણે તમારી ત્વચાને નુકસાન થતું અટકી જાય છે.

સૌથી પહેલી અને મહત્ત્વની વાત એટલે તમારી ત્વચાને શક્ય હોય એટલી સાફ રાખવાનો પ્રયાસ કરો. દરરોજ બે ટાઈમ સ્નાન કરવાનું રાખો. ચહેરાને શક્ય હોય એટલી વધારે વખત ધોવાનું રાખો. ચહેરા પરની ગંદકી અને તેલ ત્વચાના પૉર્સને બ્લોક કરી નાખે છે, જેને કારણે ત્વચા દિવસે દિવસે ડલ થતી જાય છે.ચહેરો સાફ રાખ્યા બાદ હવે વારો આવે છે સન સ્ક્રીનનો. તડકામાં બહાર નીકળતી વખતે હંમેશાં સનસ્ક્રીન લગાવવાનું રાખો. સૂર્યપ્રકાશમાંથી નીકળતાં હાનિકારક યુવી કિરણોથી ત્વચાને રક્ષણ આપવાની સાથે સાથે સ્કિનને પણ મોઈશ્ર્ચરાઈઝ અને હાઈડ્રેટ રાખે છે. જ્યારે જ્યારે તમને લાગે કે જરૂર પડે ત્યારે સનસ્ક્રીનનો ઉપયોગ કરો.

ઉનાળામાં તમારી જાતને ખૂબ જ હાઈડ્રેટ રાખો. ઉનાળામાં પાણીની કમીને કારણે હાઈડ્રેશનની સમસ્યા જોવા મળે છે. રોજ સવારે ઊઠીને પાણી પીવાનું રાખો અને આખા દિવસ દરમિયાન શક્ય હોય એટલું વધારે ને વધારે પાણી પીઓ. ઓછામાં ઓછા સાતથી આઠ ગ્લાસ પાણી તો પીવા જ જોઈએ. પાણી પીવાને કારણે શરીરની અંદરનો કચરો પણ બહાર નીકળે છે, એટલે શક્ય હોય એટલું વધારે પાણી પીવું જોઈએ અને ઉનાળામાં તો ખાસ!ઉનાળો હોય એટલે શેવિંગ કરવાનો કંટાળો કરશો નહીં. દરરોજ સારી રીતે શેવિંગ કરીને આફ્ટર શેવ ક્રીમનો ઉપયોગ કરો. આફ્ટર શેવિંગ ક્રીમને કારણે ત્વચામાં નમી જળવાઈ રહે છે અને સ્કિનના ટોનમાં પણ નિખાર આવે છે.ઉનાળામાં ચહેરો વારંવાર ધોવાની જરૂર પડે છે અને જેટલી વખત તમે ચહેરો ધુઓ છો એટલી વાર સાબુ કે ફેશવૉશનો ઉપયોગ પણ થવાનો જ છે. પણ વારંવારના સોપ અને ફેશવોશના ઉપયોગને કારણે ત્વચા વધારે રૂક્ષ થવા લાગે છે એટલે જો શક્ય હોય તો કોઈ એવા માઈલ્ડ સોપનો ઉપયોગ કરો કે જે તમને ફ્રેશ ફીલ કરાવવાની સાથે સાથે જ તમારી ત્વચાને પણ નુકસાન ન પહોંચાડે.દર થોડાક સમય બાદ ફેસિયલ કરાવવાનું રાખો. સૂરજનો આકરો તાપ ત્વચાને વધારે નુકસાન પહોંચાડે છે. ફેસિયલ કરાવવાને કારણે ચહેરાનો ગ્લો બની રહે છે અને ત્વચાને ચમકીલી બનાવે છે. પણ એક વાતનું ધ્યાન રાખો કે ફેસિયલ એ જ કરાવો કે જે તમારી ત્વચાને સૂટ કરે.

દર ચાર દિવસે ચહેરા પરની ડેડ સ્કિનને દૂર કરવા માટે સ્ક્રબ કરવું જરૂરી છે. આ માટે તમે બજારમાં મળનારા સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. સ્ક્રબિંગને કારણે ત્વચા એકદમ સાફસૂથરી અને ફ્રેશ દેખાશે અને તમને પણ તાજગીનો અહેસાસ થશે.ઑલિવ ઓઈલનો ઉપયોગ તો આપણે ખાવામાં કરીએ જ છીએ, પણ ઑલિવ ઓઈલથી ચહેરા પર મસાજ કરવાથી પણ ખૂબ જ ફાયદો થાય છે. ઑલિવ ઓઈલથી ચહેરા પર મસાજ કરવાને કારણે ચહેરાની ચમક પાછી આવે છે અને ફ્રેશનેસ પણ આવે છે.

## તંત્રી લેખ... -

**સોમવાર, તા. ૧૦ નવેમ્બર ૨૦૨૫**

# મમદાનીનો વિજય ટ્રમ્પ સામે પડકાર, ભારતીયો માટે ચિંતા

ન્યૂયોર્કના મેયર તરીકે ૫૦ ટકાથી વધુ મત મેળવી ચૂંટાઇ આવેલા જોહરાન મમદાનીના વિજયથી ટ્રમ્પ વિરોધીઓ ખુશખુશાલ બની ગયા છે. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાનું તેમને સમર્થન હતું અને ડેમોક્રેટિક પક્ષમાં તેમના વિજયથી નવી તાજગી આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિજેતા બનેલા મેયર મમદાનીના પ્રખર વિરોધી છે. મમદાનીની જીતથી ટ્રમ્પના સમર્થકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું છે. આવતાં વર્ષે યોજાનારી સેનેટની ચૂંટણીમાં ઉત્સાહિત ડેમોક્રેટ જો જીતી જાય તો ટ્રમ્પને અમેરિકી સંસદમાં મુશ્કેલી પડી શકે છે. આથી જ ટ્રમ્પ તેમના વિરોધમાં એટલી હદ સુધી ઢળી ગયા છે કે, જો મમદાની મેયર બનશે તો તેઓ ન્યૂયોર્કને અપાતા ફંડમાં કાપ મૂકશે. હવે મમદાની ચૂંટાઇ આવ્યા છે ત્યારે ટ્રમ્પ અમેરિકાના આ સૌથી મોટા ધનિક શહેર સાથે કેવો વર્તાવ કરશે એ જોવાનું છે. તો ભારતે પણ મમદાની સામે સાવધ રહેવું પડશે. આમ તો અમેરિકાના એક શહેરના મેયર સાથે અન્ય કોઇ સાર્વભૌમ દેશને કોઇ સંબંધ હોતા નથી, પણ જોહરાન મમદાની ભારતીય મૂળના છે. તેમના માતા મીરા નાયર પ્રખ્યાત ફિલ્મકાર છે, તો પિતા મહેમૂદ મમદાની વર્ષો પહેલાં યુગાન્ડામાં વસી ગયા હતા, તેઓ કોલંબિયાના જાણીતા પ્રોફેસર છે, પણ અમેરિકી ભારતીયો માટે ભલે આપણે પીઠ થાબડતા હોઈએ પણ તેઓ ભાગ્યે જ પોતાના મૂળની ચિંતા કરે છે. આથી અગાઉ કાશ પટેલે એફબીઆઇના હેડ હોવા છતાં અવૈધ ભારતીયોને બેડીઓ બાંધી મોકલવામાં સંકોચ નહોતો કર્યો, તો તુલસી ગાબાર્ડ પણ વખત આવ્યે ભારતની તરફેણમાં નથી હોતા. તો મમદાની પાસેથી પણ માત્ર ભારતીય હોવાનો ગર્વ કરવા સિવાય ખાસ કોઇ ફાયદો નથી. ઊલટું તેઓ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઘોર વિરોધી છે. તેમણે સીએએનોય જાહેરમાં વિરોધ કર્યો હતો. ન્યૂયોર્કમાં લગભગ અઢી લાખ ભારતીયો વસે છે. તેમણે પણ મમદાનીને મત આપ્યો જ હશે, એટલે જ અમેરિકી ભારતીયોમાંથી ઘણાએ તેમના વિજયનો આનંદોત્સવ મનાવ્યો હતો. પ્રવાસી ભારતીયોએ તો તેને નવા યુગની શરૂઆત ગણાવી છે. મમદાનીએ પણ વિજયી ભાષણમાં પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ટ્રસ્ટ વિથ ડેસ્ટિનીનો ઉલ્લેખ કર્યો હતો, પણ તેમ છતાં તેમના ભારતવિરોધી વલણને જોતાં ઘણા ભારતીયો તેની વિરોધમાં પણ ગયા છે. જો મમદાની ભારતવિરોધી વલણ જાળવી રાખશે તો ત્યાં ભારતીયોની ચિંતા આપણને જાગે એ સ્વાભાવિક છે. એ ઉપરાંત મમદાની ઇઝરાયલના પ્રખર વિરોધી પણ રહ્યા છે. તેઓ નરેન્દ્ર મોદી અને બેન્જામીન નેતાન્યાહુને વિરોધના એક જ પલડાંમાં રાખે છે. ન્યૂયોર્ક યુનાઇટેડ નેશન્સનું હેડ ક્વાર્ટર પણ છે તો અમેરિકી અર્થતંત્ર માટેય મહત્ત્વનું છે. આ શહેરની અગત્યતા જ મમદાનીને મહત્ત્વના વ્યક્તિ બનાવી દીધા છે.

# 'જેન ઝી'માં કેમ વધી રહ્યું છે શોર્ટ વીડિયોનું ગાંડપણ

આજકાલ 'જેન ઝી' ખૂબ જ ચર્ચામા છે. જે બાળકો ૧૯૯૭ થી લઈને ૨૦૧૨ના સમયગાળમાં જન્મ લીધો છે તે 'જેન ઝી' તરીકે ઓળખાય છે. મોટાભાગે, આ પેઢી તેના ઉગ્ર વલણને કારણે મીડિયામાં ચર્ચાતી રહે છે.

બીજી તરફ માત્ર ૫૦ થી ૬૦ સેકન્ડનો વીડિયો આજે તેમની મનોરંજનની વ્યાખ્યા બની ગઈ છે. આમાં વિચારવા જેવી વાત એ છે કે, આમાં કોઈ મનોવૈજ્ઞાનિક કારણ છે કે આજ કાલનું જનરેશન જ મીડિયાને અનુરૂપ બની ગયું છે. જેન ઝી મોબાઈલ અને ઈન્ટરનેટની સાથે ઉછરેલી પેઢી છે. તેથી એ ઈન્સ્ટાગ્રામ રિલ્સ, યુ ટ્યુબ શોર્ટ્સ, સ્નેપચેટ જેવા પ્લેટફોર્મ સાથે સૌથી વધારે લગાવ છે. ખરી વાત તો એ છે કે આ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમ પર એ પોતાના વિચાર, જીવનશૈલી અને વાતચીત કરવાની રીત દ્વારા વિશ્વમાં પોતાની એક આગવી ઓળખ બનાવી રહ્યા છે.

આ જેન ઝીનું બીજું નામ છે સ્ક્રોલ જનરેશન. જેન ઝી પાસે ઘણા વિકલ્પ છે. નવા વિકલ્પો ઝડપથી પસંદ કરવા જૂના વિકલ્પોને સાઈડ પર મૂકતા જાય છે. મોબાઈલ પર જે રિલ્સ અને શોર્ટ્સ આવે છે તે થોડી જ સેકન્ડમાં ઘણું બધું કહી જાય છે. આ જનરેશન પાસે સમયનો અભાવ છે એવું નથી પરંતુ એમને બધું ખૂબ જ ઝડપથી કરવું છે પરિણામે આ પેઢી સ્ક્રોલ જનરેશન તરીકે પણ ઓળખાય છે.શા માટે એ આવી અધીરાઈ બતાવે છે?

એક વર્ગ એવો છે જે આ ગતિશીલ મનોવિજ્ઞાનથી બહુ પ્રભાવિત નથી હકીકતમાં, જ્યારે મગજ સતત બદલાતી સામગ્રી માટે ટેવાયેલું બને છે, ત્યારે ઊંડા વિચારની સામગ્રી બોજ બની શકે છે અથવા તો એ, કંટાળાજનક બની શકે છે. જ્યારે કોઈ પણ વસ્તુ સમજવા માટે જો તમે સમય નહિ આપો અને માત્ર અધીરતા વ્યક્ત કરશો તો કોઈ પણ વાત ઊંડાણથી સમજી નહિ શકાય. જે વીડિયો લાંબા હોય છે તેમાં વધારે વાત અને વિચાર હોય છે, પરંતુ જો તમારી પાસે એને સાંભળવાનો સમય જ નથી તો તેના ફાયદા પણ તમને નહિ મળે.બીજી તરફ, શોર્ટ વીડિયોઝની ખાસિયત એ છે કે ૩૦ સેકન્ડમાં જ આખી વાત કરી દેવામાં આવે છે. આને 'માઈક્રો નેરેટિવ ફોર્મેટ' કહેવામાં આવે છે. આ કલાને જેન ઝીએ નવાં શિખરો સુધી પહોંચાડી છે. શર્ત માત્ર એટલી કે, તમને ઓછા સમયમાં વધારે અને ચોક્કસ વાત કરતા આવડવી જોઈએ.

ફોલો – લાઈક અને પ્રસિદ્ધિની ભૂખે જ જેન ઝીને શોર્ટ વીડિયોઝનું ગાંડપણ લગાડ્યું છે. આ પેઢીવાળા પોતાની વાત અખબાર અને ન્યૂઝ દ્વારા નથી કરવા માગતા, કારણ કે તેમની નજરોમાં આ ખૂબ જ ધીમું માધ્યમ છે. સોશ્યલ મીડિયાનાં પ્લેટ્ફોર્મ્સ જ તેમનું મનપસંદ માધ્યમ છે કારણકે એ ખૂબ જ ફાસ્ટ છે. એને લીધે એમને જલદી પ્રસિદ્ધિ પણ મળે છે.મોટી મોટી કંપનીની જાહેરખબરો પણ માત્ર ૧૦ થી ૩૦ સેકન્ડ સુધીની હોય છે. આજકાલ માઈક્રો લર્નિંગનો જમાનો છે જ્યાં તમારી વાત લોકો સુધી ઓછા ટાઈમમાં પહોંચાડવાની હોય છે એટલે જેન ઝીનું શોર્ટ વીડિયોઝ પ્રત્યેનું ગાંડપણ એમની જીવનશૈલી બની ગઈ છે.

**વર્ષ ૧૯૯૭માં લાલુ યાદવ પશુધનના ઘાસચારા કૌભાંડમાં બદનામ થયા પછી મુખ્ય પ્રધાનપદનું રાજીનામું આપ્યું**

# 'જંગલરાજ'નો અંત આવશે ?

## પ્રશાંત કિશોર - ચૂંટણી સુધારાની હિમાયત કરે છે તેના કુલ ૧૧૪ ઉમેદવારોમાંથી ૫૦ અપરાધી છાપવાળા છે!

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય - કેન્દ્રીય મુદ્દો 'જંગલરાજ'નો છે! બાકીના તમામ મુદ્દા-વિકાસ, રાજકીય વંશવાદ, કાયદો-વ્યવસ્થા વગેરે જંગલરાજ સંબંધિત છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં રેકોર્ડ મતદાન - લગભગ ૬૫ ટકા થયું તેથી વોટચોરીના મુદ્દાનું મહત્ત્વ રહેતું નથી અને રાહુલ ગાંધીએ પણ હરિયાણાની છેલ્લી ચૂંટણીમાં વોટચોરી થઈ હોવાનો બોમ્બ ફોડયો છે. મતદાનના પ્રથમ તબક્કામાં ૩૨ ટકા ઉમેદવારો ઉપર ફોજદારી - ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. આમાંથી ૨૭ ટકા ઉમેદવારો ઉપર ગંભીર આરોપ નોંધાયા છે. આવા ઉમેદવારો મોટેભાગે ડાબેરી પક્ષોના છે. રાષ્ટ્રીય જનતા દળના ઉમેદવારો ૭૬ ટકા - ભાજપના ૬૫ ટકા છે. જનતા દળ(યુ)ના ૩૯ ટકા અને 'આપ'ના ૨૭ ટકા! પ્રશાંત કિશોર - ચૂંટણી સુધારાની હિમાયત કરે છે તેના કુલ ૧૧૪ ઉમેદવારોમાંથી ૫૦ અપરાધી છાપવાળા છે! અપરાધ ઉપરાંત - ગરીબ ગણાતા બિહારમાં ૮૦ ટકા ઉમેદવારો તો કરોડપતિ છે. જેમાં સૌથી વધુ - ૯૭ ટકા રાષ્ટ્રીય જનતા દળ વાળા છે. આર્થિક વિકાસમાં બિહાર ભલે પાછળ હોય - અપરાધમાં દેશનાં પાંચ રાજ્યોમાં એક છે. કુલ ૨૪૩ બેઠકો માટેના તમામ ઉમેદવારોમાં ૬૬ ટકા 'અપરાધી' છે. આંધ્રમાં ૭૯ ટકા, કેરળ અને તેલંગાણામાં ૬૯ ટકા છે! બિહારની ચૂંટણીમાં લગભગ અડધા ઉમેદવારોનાં નામ ઉપર અપરાધીની છાપ છે - હવે આમાંથી કેટલા ચૂંટાયા છે તે પરિણામ પછી જાણવા મળશે અને જંગલરાજ ફરીથી સ્થપાય છે કે બિહારને મુક્ત કરાય છે તે જોવાનું છે. લાલુ યાદવે ઘાસચારા કૌભાંડ કર્યા પછી અત્યારે જામીન ઉપર છૂટયા છે. લાલુજીએ ઘાસચારો ખાઈને બિહારને દૂધ નહીં, 'રબડી' આપી એવી મજાક રાજકારણમાં નહીં - સમાજમાં થાય છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં 'જંગલરાજ'નો મુદ્દો મહત્ત્વનો બન્યો અને તેજસ્વી યાદવે જંગલરાજના આક્ષેપ અને ટીકાથી બચવા એમના પિતા - લાલુ યાદવને પડદા પાછળ જ રાખ્યા. જાહેર પ્રચાર સભામાં એમની હાજરી નહીં. એટલું જ નહીં પોસ્ટરોમાં લાલુનો ફોટો પણ નહીં! એક સમય હતો જ્યારે લાલુના નામે વોટ - અને સિક્કા પડતા હતા. નાણાં વરસતાં હતાં અને હવે એમનું નામ ઉચ્ચારવા પણ કોઈ તૈયાર નથી! આ સંદર્ભમાં 'જંગલરાજ'નો ઈતિહાસ જાણવા જેવો છે. બિહારની યુવાપેઢીએ જંગલરાજ જોયું નથી - તેથી હવે ભાજપના ટીકા પ્રહારની અસર થશે કે નહીં, લાલુની ગેરહાજરીથી મહાગઠબંધન - મહાગઠબંધનને નુકસાન થશે કે, લાભ તેનો જવાબ ચૂંટણીનાં પરિણામ આવે ત્યારે મળશે, પણ હવે જંગલરાજ ફરીથી આવે નહીં તેની ચિંતા સૌને છે. વર્ષ ૧૯૯૭માં લાલુ યાદવ પશુધનના ઘાસચારા કૌભાંડમાં બદનામ થયા પછી મુખ્ય પ્રધાનપદનું રાજીનામું આપ્યું અને એમનાં પત્ની રાબડી દેવીને મુખ્ય પ્રધાનપદે બેસાડયાં ત્યારની વાત છે. પટણામાં ચારે બાજુ પાણી ભરાયાં હતાં - ડ્રેનેજની કોઈ વ્યવસ્થા નહીં. લોકોની અવરજવર અટકી પડી હતી ત્યારે આ સ્થિતિ સામે ફરિયાદ સાંભળતાં પટના હાઈકોર્ટે મૌખિક ટીકા કરી કે, પટનાની સ્થિતિ જંગલરાજથી પણ બદતર છે. વિપક્ષે આ ટીકા પકડી લીધી અને છેલ્લાં પંદર વર્ષથી આરજેડી - રાષ્ટ્રીય જનતા દળના શાસનને જંગલરાજની ઉપમા - વિશેષણ મળ્યું. હકીકતમાં વહીવટીતંત્ર ભ્રષ્ટ અને તદ્દન નિષ્ક્રિય હતું. અર્થતંત્ર ખાડે ગયું હતું. યુવાનો ધોળે દિવસે લૂંટફાટ અને માર-ફાડ-હત્યાઓ કરવા લાગ્યા. જંગલરાજથી બદતર - કાયદો - વ્યવસ્થા ખતમ હતી. આ અરસામાં બેકાર યુવાનોએ અપહરણ - બાળકોને ઉઠાવી જવાનો ધંધો શરૂ કર્યો. વાચકોને આશ્ચર્ય થશે પણ મુંબઈના એક પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે આ લખનારને ચોંકાવનારી માહિતી આપી હતી. મુંબઈમાં ભદ્રવર્ગની શાળાઓમાં ભણતાં બાળકોનાં અપહરણ થઈ રહ્યાં છે અને બાળકોના જીવન બચાવવા માટે મા-બાપ મોટી રકમ (ત્યારે પચાસ હજારથી એક લાખ મોટી રકમ હતી) ચૂકવીને છોડાવતા હતા પણ પોલીસ ફરિયાદ કરતા ન હતા! આ ધંધો વિકસ્યા પછી બિહારથી લોકો નોકરી-ધંધા મેળવવા હિજરત કરવા લાગ્યા. અલબત્ત, બિહારી યુવાનો - બધા જ આવા ધંધામાં નહીં હોવા છતાં બદનામ થયા. અપમાનજનક ઓળખ થઈ ગઈ. પટનામાં પરીક્ષાનાં કેન્દ્રનાં બિલ્ડિંગમાં પાઈપ ઉપરથી ચડીને વિદ્યાર્થીઓને પેપર ચોરીમાં મદદ કરનારાના ફોટા દેશભરનાં અખબારોમાં છપાયા. ચાણક્યની ભૂમિ - તક્ષશીલા - નાલંદાના વિશ્વવિદ્યાલયોની ભૂમિની આવી હાલત થઈ. દેશનાં અન્ય રાજ્યોમાંથી બેન્કોમાં ટ્રાન્સફર લેવા કોઈ તૈયાર ન હતું. આવી દુર્દશા થયા પછી જંગલરાજથી મુક્ત થવા માટે ૨૦૦૫માં લોકોએ આરજેડીને વિદાય આપી. અલબત્ત - રાબડી દેવી મુખ્ય પ્રધાન બન્યાં ત્યારે તેજસ્વી યાદવ સોળ વર્ષની વયના હતા પણ એમને વારસો મળ્યો છે લાલુ યાદવનો અને લાલુએ સત્તા મેળવવા માટે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની રથયાત્રા રોકી હતી. સાબરમતી એક્સપ્રેસની ઘટના વખતે લાલુ રેલવેપ્રધાન હોવાથી એમણે રેલવેતંત્ર તરફથી અલગ તપાસ પંચ નીમીને ઘટના 'નાટક' હોવાના આક્ષેપ કર્યા હતા. બિહારમાં મુસ્લિમ વોટ બેન્ક કોંગ્રેસના હાથમાંથી છૂટી-છટકીને લાલુ પાસે આવી અને હવે ઓવૈસી પાસે આવી રહી છે! લાલુ સત્તામાં આવ્યા પછી પછાત અને અતિપછાતને બાજુએ રાખીને માત્ર યાદવરાજ ચલાવ્યું અને રાજકારણનું અપરાધીકરણ શરૂ થયું. વર્ષ ૨૦૦૧થી ૨૦૦૪ દરમિયાન પોલીસે ૧૫૨૭ કેસ નોંધ્યા હતા. ૨૦૦૫માં એક સ્કૂલ બોયનું અપહરણ થયું ત્યારે પૂર્વ વડાપ્રધાન વાજપેયીજીએ પણ ચિંતા વ્યક્ત કરી હતી. જાતિવાદી હુલ્લડની ઘટનાઓ સામાન્ય હતી. ૧૯૯૧થી ૨૦૦૧ દરમિયાન ૫૮ હત્યાકાંડ થયા અને ૫૬૬ લોકોના જાન ગયા તેમાં ૩૪૩ ઓબીસી - અંત્યજ હતા, ૧૨૮ ઉપલા વર્ગના હતા. ૧૯૯૭માં એક જ વર્ષમાં ૧૨ હત્યાકાંડમાં ૧૩૦ જાન ગયા. ૧૯૯૯માં સાત હત્યાકાંડમાં ૧૦૮ લોકો હોમાયા. લાલુ-રાબડી શાસનમાં સૌથી વધુ ગંભીર હત્યાકાંડ ૧૯૯૨માં શ્રીગયાજીમાં થયો હતો. રાજના ૩૮૪ આઈએએસ ઓફિસરમાંથી ૧૪૪ ઓફિસરે બિહારથી બહાર ટ્રાન્સફર માગી હતી તે ઉપરથી ખ્યાલ આવી શકે છે કે, સ્થિતિ કેવી ગંભીર હશે. તેજસ્વી યાદવ અત્યારે નીતીશનાં વીસ વર્ષના શાસનની ટીકા કરી રહ્યાં છે પણ લાલુ-રાબડીનાં પંદર વર્ષની શાસન યાતના હજુ ભુલાઈ નથી એટલે જ નીતીશને સુશાસન બાબુ કહે છે!

**હવે ફક્ત એક જ ફોર્મેટ (વન-ડે)માં રમતા રોહિત શર્મા અને વિરાટ કોહલીને ટૂરમાં પસંદગીકારોની હાજરી ડિસ્ટર્બ નહીં કરતી હોય?**

# સિલેક્શન કમિટી ટીમ પસંદ કરી લે પછી વિદેશ પ્રવાસમાં એનું શું કામ?

- ભૂતકાળમાં પરદેશના પ્રવાસોમાં ટીમની પસંદગી ટીમના સુકાની, ઉપસુકાની અને ક્રિકેટ મેનેજર જેવા કે રાજસિંહ ડુંગરપુર, હનુમંત સિંહ, ચંદુ બોરડે વગેરે દ્વારા થતી હતી.

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લૅન્ડમાં હોય કે ઑસ્ટ્રેલિયામાં, વેસ્ટ ઈન્ડિઝમાં હોય કે અમેરિકામાં કે પછી દુબઈ, શારજાહ કે અબુ ધાબીમાં. હાલના હેડ-કોચ ગૌતમ ગંભીરના સાથોસાથ અત્રસત્રતત્ર અને સર્વત્ર કોઈ હોય તો એ છે ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર અજિત આગરકર. તેઓ જ્યારે ક્રિકેટ રમતા ત્યારે તેમણે જેટલા પ્રવાસ નહીં ખેડ્યા હોય એટલા મુખ્ય પસંદગીકાર તરીકે ખેડ્યા છે.

જોકે વાત એમ છે કે તેમણે ઘરઆંગણે રમાતી રણજી ટ્રોફી તથા દુલીપ ટ્રોફી સહિતની ડોમેસ્ટિક સ્પર્ધાઓની મૅચોમાં ખેલાડીઓના પર્ફોર્મન્સનો અભ્યાસ કરવો જરૂરી છે. પસંદગીકારોએ એક વખત ટીમનું સિલેક્શન કરી લીધું એ પછી ટીમની જવાબદારી ક્રિકેટ-કોચ, મૅનેજર અને સુકાની પર હોય છે. જોકે ચીફ સિલેક્ટરને આટલા બધા પ્રવાસ ખેડવા મંજૂરી મળે છે એ કેટલું ઉચિત છે?

ઘરઆંગણે રમાતી મૅચો દરમ્યાન એક વખત ૧૫ ખેલાડી નક્કી થઈ ગયા બાદ ટીમના કૅપ્ટન તથા કોચના મંતવ્ય લીધા પછી ફાઈનલ ટીમ નક્કી કરવામાં કૅપ્ટન અને કોચ અને એમાં પણ ખાસ કરીને કૅપ્ટનના મંતવ્યનું વજૂદ વધારે હોય છે. હા, પસંદગીકારો ઘણી વખત એમાં રોકટોક કરે એ સામાન્ય બાબત એટલા માટે ગણાય કે તેઓ ઘરઆંગણે હાજરાહજૂર હોય છે.ભૂતકાળમાં પરદેશના પ્રવાસોમાં ટીમની પસંદગી ટીમના સુકાની, ઉપસુકાની અને ક્રિકેટ મૅનેજર જેવા કે રાજસિંહ ડુંગરપુર, હનુમંત સિંહ, ચંદુ બોરડે વગેરે દ્વારા થતી હતી. આમાં પસંદગી સમિતિના કોઈ પણ સભ્યો ટીમના સુકાની કે કૅપ્ટનને સલાહસૂચન ભલે કરતા, પણ ટીમના સિલેક્શન બાબતમાં માથું મારી ન શકતા, કારણકે તેમને પરદેશના પ્રવાસે મોકલાતા જ નહોતા.ટૂંકમાં, ઉપર જણાવ્યા પ્રમાણે સુકાની, ઉપસુકાની તથા ટીમના મૅનેજરની સમિતિનો નિર્ણય અંતિમ ગણાતો હતો. આ બધું મેં મારા ભારતીય ટીમના પરદેશના પ્રવાસો દરમ્યાન જોયું છે અને ઈંગ્લૅન્ડ, શારજાહ વગેરેમાં અનુભવ્યું છે.જોકે છેલ્લાં થોડાં વર્ષોથી ભારતીય પસંદગીકારો ભારતીય ટીમ સાથે પરદેશના પ્રવાસો ખેડે છે ને ટીમની પસંદગી સમિતિમાં 'માથું' મારે છે તો શું ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા પરદેશના પ્રવાસ દરમ્યાન પસંદગી સમિતિમાં સલાહસૂચન-વાર્તાલાપમાં ભાગ લેવા પસંદગીકારોને પરદેશના પ્રવાસમાં ખેલાડીઓ કેવો દેખાવ કરે છે એ (સ્વ નજરે ટીવીમાં જોઈને નહીં) પ્રવાસમાં હાજર રહીને ખેલાડીઓની આવડત પર નિર્ણય લેવા પરદેશ મોકલાવાય છે? પહેલાંના નિયમો ક્યારથી બદલાઈ ગયા? શું અજિત આગરકર તથા શિવસુંદર દાસ હાલ ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં હાજર છે તો તેમની હાજરી ગૌતમ ગંભીર કે શુભમન ગિલ (અને હવે સૂર્યકુમાર યાદવ) પર માનસિક દબાણ 'ન' લાવી શકે?

હવે ફક્ત એક જ ફૉર્મેટ (વન-ડે)માં રમતા રોહિત શર્મા અને વિરાટ કોહલીને ટૂરમાં પસંદગીકારોની હાજરી ડિસ્ટર્બ નહીં કરતી હોય? ભારતીય ક્રિકેટ બોર્ડ પાસે અઢળક ધન છે એ ખરું, પરંતુ એથી કરીને પસંદગીકારોને પરદેશના પ્રવાસે મોકલવાને બદલે ઘરઆંગણે ખેલાડીઓના દેખાવનું વિશ્લેષણ કરવું ઉચિત લેખાશે.ચીફ સિલેક્ટર અજિત આગરકરને પેસ બોલર મોહમ્મદ શમીની શારીરિક સુસજ્જતા વિશે પૂછવો છે કે જો કોઈ ઝડપી બોલર શારીરિક રીતે ફિટ ન હોય તો બે રણજી ટ્રોફી મૅચમાં તે ૧૫ વિકેટ ઝડપી શકે ખરો? શું વિકેટો ભેટમાં અપાય છે? કે પછી પસંદગીકારો દ્વારા એની ગણના જ નથી થતી?

કબૂલ, રણજી ટીમોનું ધોરણ ટેસ્ટ ટીમો કરતાં ઊતરતું હોય, પણ રણજી ટ્રોફીમાં ખૂબ છવાઈ ગયેલા મોહમ્મદ શમીને ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ રમાડીને તેની શારીરિક સુસજ્જતા સાબિત કરવાની તક કેમ નથી અપાઈ? ડૉક્ટરો 'હા' પાડે તો જ શમીને આંતરરાષ્ટ્રીયમાં રમાડવો એવું જો હોય તો પછી શમી રણજી ટ્રોફીમાં છવાઈ ગયો એનું શું? તેને રમાડ્યા વગર જ કેવી રીતે અનફિટ ગણી શકાય?

બીજું, કરુણ નાયર પણ યાદ છેને? ભુલાઈ નથી ગયોને? તો પછી ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલા અજિત આગરકરને જાણ કરી દઈએ કે કરુણ નાયરે થોડા જ દિવસ પહેલાં રણજી ટ્રોફીમાં ડબલ સેન્ચુરી સહિત બે સદી ફટકારી છે. હા, આપણે એ જ કરુણ નાયરની વાત કરી રહ્યા છીએ જેણે ઈંગ્લૅન્ડની ફાસ્ટ અને સ્વિંગ બોલિંગને મદદકર્તા બનતી વિકેટ પર લડાયક ખમીરથી ૩૦, ૪૦ રન બનાવ્યા હતા, ઝંઝાવાતી બોલિંગમાં ભયભીત થયા વિના શરીર પર બૉલ ઝીલ્યા હતા

અને છેલ્લી તથા પાંચમી ઓવલની મહત્ત્વની ટેસ્ટમાં જે અડધી સદી નોંધાવીને ભારતીય બૅટિંગમાં મુખ્ય આધાર બન્યો હતો જેનો ઉલ્લેખ ખુદ સુકાની શુભમન ગિલ પણ કરી ચૂક્યો છે. ટેસ્ટ જિતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર કરુણ નાયરને કેમ ભૂલી ગયા છો? ૩૩-૩૪ વર્ષના ખેલાડી ક્રિકેટમાં બુઝુર્ગ ન લેખાય. શું પરિપકવ અને અનુભવી ખેલાડીને ટેસ્ટમાં વધુ રમવાની તક ન મળી શકે?

**જો કે, સેટેલાઈટ ઈમેજના યુગમાં પગીની લોકકલાનો વૈભવને ઘસારો જરૂર લાગ્યો છે**

# ભૂમિના ભોમિયા અને પદચિહ્નોના પરખંદા

## વર્ષ ૧૯૯૯માં પાવરપટ્ટીના ભાણાસર રખાલની ભગતવીડી નજીક પાકિસ્તાની ઊંટ મુશર્રફ સાથે ૩૨ કિલો આરડીએક્સનો જથ્થો જબ્બે

કચ્છની સરહદી સંવેદનશીલતાને જાણી ગયા ગુરુ અને શુક્રવારે ગુજરાતના યુવા નાયબ મુખ્યમંત્રી-ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી. એમણે સરહદી ગામોની મુલાકાત લઈ ત્યાં જ રાતવાસો કર્યો હતો. સરહદી ગામોની સ્થિતિના આકલન માટે તેમની સાથે ૩૦ આઈપીએસ અધિકારીએ પણ કચ્છના સીમાવર્તી ગામોમાં સંવાદ કર્યો હતો. આ એક આવકાર્ય પહેલ છે. હર્ષભાઈએ પ્રવાસના પ્રારંભે જ કહ્યું કે, દુશ્મનનાં પગલાં ઓળખી જવાની ક્ષમતા અહીંના ગામડાંના લોકોને વર્ષોથી છે. તેમણે શત્રુઓને પારખવાની કળા પેઢી દર પેઢી વારસામાં આપીને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનાવતું યોગદાન આપવા લોકોને હાકલ કરી હતી. આ તાજી ઘટનાનું અનુસંધાન લઈને સીમાના પ્રહરી તરીકેની ભૂમિકા ભજવનારા પગીઓની કાબેલિયત અને પરંપરાગત જ્ઞાન વિશે વાત માંડી છે. જેમ કઈ જગ્યાએ સારું પાણી મળશે તે શોધવા પ્રણાલિગત 'ભોંયસુંઘણા'ની મહત્તા છે, તેમ સરહદી વિસ્તારમાં થતી હિલચાલ અને ઘૂસણખોરીનું પગેરું મેળવવા પગીઓની અગત્યતા છે. પગી એટલે ભૂમિના ભોમિયા અને પદચિહ્નના પારખુ. પગનાં નિશાન એ માત્ર માણસના જ નહીં, પશુઓના પગલાંની નિશાની પરથી ઓળખ અને સઘળું વર્ણન કરનાર કુશળ પરખંદા ! માલધારી મુલકમાં ચરિયાણ વખતે એકબીજાના પશુ જે-તે માલિકના ધણમાં ભળી જાય ત્યારે કયા ઢોર કયા માલિકના છે, તેની પિછાણ કરી આપનાર કાબેલ પગીઓની આપણી સુરક્ષા એજન્સીઓએ

સેવા લીધી છે અને તેઓ સરહદના સંત્રી તરીકેની ભૂમિકામાં ખરા ઊતર્યા છે. કચ્છના ફકીરાણી જત, રબારી અને સોઢા આ પરંપરાગત કાબેલિયત ધરાવે છે. આજે પણ ફકીરાણી જત ચહેરે-મહોરે એક જેવા હજારો ઊંટને પગલાંના નિશાન પરથી સરળતાથી ઓળખી બતાવી અલગ તારવી શકે છે. જો કે, સેટેલાઈટ ઈમેજના યુગમાં પગીની લોકકલાનો વૈભવને ઘસારો જરૂર લાગ્યો છે, પણ તેમની દેશભક્તિ અને સૂઝ માટે આદરની લાગણી અનુભવાય છે. સં. ૨૦૫૩ના દીપોત્સવી વિશેષાંકમાં જે.કે. તિવારી અને હરેશ સાધુ લખે છે તેમ, 'કોઠાસૂઝ કે કુદરતી કુનેહથી સ્વપ્નમાં પણ ન દીઠેલી વ્યક્તિનું પગેરું ફક્ત જમીન પર પગલાંના નિશાન પરથી ગોતી બતાવવું, તે વિસ્મયકારક છે. ભૂતકાળમાં રાજાશાહીના સમયમાં ચોર-લૂંટારાને પકડવા અશક્ય હતા ત્યારે ચોરી-લૂંટના ભેદ ઉકેલવા સરહદના છેવાડે આવેલા માલધારીઓની વસ્તીવાળા ગુગરિયાળા (લખપત) ગામની વાટ સત્તાધીશો પકડતા હતા! કુદરતી બક્ષિસરૂપે 'પગલાં' ઓળખવાની કલા સાવલા પીરની ભેટ છે... સમયના બદલાતા પ્રવાહમાં એક સમય એવો હતો જ્યારે માનવના દુષ્કૃત્ય, ચોરી-લૂંટ, ધાડ, ખૂનના ગુનેગારોને પગલાંની છાપ પરથી શોધીને ઝડપી લેતા. હવે તો ગુનાની શોધ માટે ગુનાશોધક શ્વાનની મદદ લેવાય છે તે પણ યથાર્થ છે.' પગલાં ઓળખવામાં માહીર અને નિષ્ણાત પગીઓની પોતીકી વૈજ્ઞાનિક પદ્ધતિ છે. પગની ચાલ ઉપરથી પગલાં પાડનારી વ્યક્તિને ઓળખવી, પગલાંની રેખા ઉપરથી વંશ-વારસ, ખાનદાનનું તારણ કાઢવું, પગલાંની લંબાઈ-પહોળાઈથી વ્યક્તિનો અંદાજ આવે છે, તેમાંયે વજનના કારણે પડતા ભારેખમ પગલાંની છાપનો પ્રકાર જુદો હોય છે. સમગ્ર કચ્છમાં ખ્યાતનામ પગી તરીકે પંકાયેલા ભુલા જુસબ જતની પગલાં પારખવાની કલા આજે પણ કચ્છના લોકોમાં ચર્ચાનો વિષય છે. તેહરાના ગુલમામદ ખમીશા અને ભચાયા ખમીશા જેવા પગીઓ તજજ્ઞ પગી તરીકે પગલાં પરથી નર-માદાની ઓળખ પણ આપી શકતા હતા. તેમની બી.એસ.એફ.એ ઘણીવાર સેવા લીધી છે. વર્ષ ૧૯૯૯માં પાવરપટ્ટીના ભાણાસર રખાલની ભગતવીડી નજીક પાકિસ્તાની ઊંટ મુશર્રફ સાથે ૩૨ કિલો આરડીએક્સનો જથ્થો જબ્બે કરવા આ વિસ્તારના પગીઓએ પ્રસંશાપાત્ર પરાક્રમ કરી બતાવ્યું હતું. દેશની સલામતી સાથે સંકળાયેલા અને સોઢા પગીઓની કામગીરીના ચોમેર ગુણગાન ગવાયાં હતાં. ઝુરા કેમ્પના વેરસલજી સોઢા અને નોંઘણજી સોઢાને સુરક્ષા દળો દ્વારા સન્માનપત્રો પણ મળેલાં છે. પગીઓમાં પગ પારખવાની આવડતને લઈ લશ્કર કે પોલીસ વિભાગમાં 'પગી'ની જગ્યા ઊભી કરાઈ હતી, જેમાં ઊંટ સવાર પગી, ઘોડેસવાર પગી કે રણ, ડુંગરની ખીણોમાં પગ પારખનાર પગીઓની ભૂમિકા ખૂબ જ અગત્યની સાબિત થઈ હતી. ૧૯૭૧ના યુદ્ધ પછી કચ્છના સરહદી ગામોમાં વસેલા સોઢા, રાઠોડ, કોળી, નાયી, સુથાર જેવા અનેક પરિવારોમાં પગલાંના પારખુઓ પણ આવ્યા હતા અને તેમણે આપણી સરહદની સુરક્ષા માટે પોતાની સૂઝનો ઉપયોગ કર્યો છે. આ પગીઓને તાલીમબદ્ધ કરવા અને નોકરીમાં રખાય તે દેશહિતમાં છે. પચ્છમ ખાવડાના પગીઓના પરિવારો કુરન, ધ્રોબાણા અને મોટા દિનારામાં વસવાટ કરે છે તેમની સેવાઓ સીમા દળે અનેક વખત લીધી છે. એમણે ઘૂસણખોરોને ઝડપવા સરાહનીય કામગીરી કરી છે. મૂળ બનાસકાંઠાના પણ કચ્છ સીમાએ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ વખતે રણછોડદાસ રબારી પગીએ કરેલી કામગીરી પ્રખ્યાત છે. એમની એટલી કુશળતા હતી કે, એ ઊંટના પગનાં નિશાન માત્ર જોઈને કહી શકતા કે, એ ઊંટ પર કેટલા સવાર હશે, માણસના પગનાં નિશાન પરથી એનું વજન, ઉંમર અને કેટલે દૂર સુધી ગયો હશે તેની ગણતરી કરી લેતા હતા. એમને લશ્કર અને બીજી એજન્સીઓએ મેડલ દ્વારા સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન મોદીએ પણ તેમની કામગીરી બિરદાવી હતી.

# અમોલ પાલેકરે પણ લાગલગાટ ત્રણ સુપરહિટ ફિલ્મ આપી હતી!

'જંજિર' પહેલાં અમિતાભ બચ્ચને બંધે હાથ, રાસ્તે કા પથ્થર, બંસી-બીરજુ, એક નઝર, સંજોગ, પરવાના, પ્યાર કી કહાની જેવી અડધા ડઝનથી વધુ ફ્લોપ ફિલ્મો આપી હતી અને રાજેશ ખન્નાએ લાગલગાટ આરાધના, સફર, અમર પ્રેમ, દો રાસ્તે, સચ્ચા જુઠા, આન મિલો સજના, કટિ પતંગ જેવી અડધો ડઝન સુપરહિટ ફિલ્મો આપેલીપ.

એ દંતકથા જેવી હકીકતના પ્રચંડ પ્રકાશમાં ખરેખરા એક્ટરોના અચિવમેન્ટ બહુ ઓછાં લાઈમલાઈટમાં આવતાં હોય છે, જેમકે 'નેક્સ્ટ ડોર બોય' જેવી ઈમેજ સાથે હિન્દી ફિલ્મોમાં શરૂઆત કરનારા અમોલ પાલેકરની જ વાત કરીએ તો તેમણે હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો એ સાથે જ લાગલગાટ ત્રણ (બજેટના પ્રમાણમાં તો સુપર) હિટ ફિલ્મો આપી હતી.

પ્રથમ ફિલ્મ હતી: 'રજનીગંધા' એ પછી 'છોટી સી બાત' અને 'ચિત્તચોર'. અમોલ પાલેકરની પ્રથમ હિટ ફિલ્મ 'રજનીગંધા' ૧૯૭૪માં રિલીઝ થઈ હતી, પરંતુ એ આખી બની ગયેલી ફિલ્મ બે-અઢી વરસ સુધી ડબ્બામાં પડી રહી હતી. તેને કોઈ ખરીદાર મળતું નહોતું.

'રજનીગંધા'ના ડિરેક્ટર બાસુ ચેટરજી હતા અને 'રજનીગંધા' પહેલાં એ જયા ભાદુરી-અનિલ ધવનની સુપરહિટ ફિલ્મ 'પિયા કા ઘર' આપી ચૂક્યા હતા, પરંતુ અમોલ પાલેકર, દિનેશ ઠાકુર જેવા નવા અને થિયેટર એક્ટર તેમ જ પ્રથમ ફિલ્મ જ કરી રહેલી વિદ્યા સિંહાની સ્ટારકાસ્ટ ધરાવતી 'રજનીગંધા' બધાને ખોટનો ધંધો લાગતો હતો. 'રજનીગંધા'નો કોઈ હાથ ઝાલીને થિયેટરમાં રિલિઝ કરે એ માટે બધા જ પ્રયત્નો કર્યા પછી આખરે આ ફિલ્મ 'રાજશ્રી પ્રોડક્શન'ને કમિશન પર રિલીઝ કરવામાં આવી સપ્ટેમ્બર, ૧૯૭૪માં.

મજા તો એ છે કે અમોલ પાલેકરને જ પહેલાં તો 'પિયા કા ઘર'માં કાસ્ટ કરવાનું નક્કી થયું હતું, પણ રાજશ્રીવાળા આ નવા ચહેરાથી ખચકાતા હતા. રસપ્રદ ઘટના તો એ પણ ગણાવી જોઈએ કે અમોલ પાલેકરની ઈમેજને સ્ટ્રોંગ કરનારી પ્રથમ ત્રણેય હિટ ફિલ્મોના ડિરેક્ટર બાસુ ચેટરજી હતા. બે ફિલ્મો ('રજનીગંધા' અને 'છોટી સી બાત')ની હીરોઈન પણ એક જ: વિદ્યા સિંહા.

'રજનીગંધા'ના પ્રથમ શો વખતે બનેલાં એક પ્રસંગની વાત કરીને પછી બીજી ફિલ્મોની વાતો કરીએ. ફિલ્મના પ્રથમ શોમાં ડિરેક્ટર-એક્ટરોની સાથે પ્રોડ્યુસર સુરેશ જિંદાલ (જેમણે પછી










સત્યજીત રાયની પ્રથમ-એકમાત્ર ફિલ્મ 'શતરંજ કે ખિલાડી' પણ પ્રોડ્યુસ કરેલી!) પણ ઉચાટમાં થિયેટરના કોરિડોરમાં ઊભા હતા. વેચાયાં વગર પડી રહેલી ફિલ્મના રિસ્પોન્સ જાણવાનું તેમને પણ ટેન્શન હતું.

તેમણે અમોલ પાલેકરને પૂછ્યું: 'શું લાગે છે ફિલ્મ લોકોને ગમશે!' 'ન ગમે તો ય શું?' અમોલ પાલેકર હળવાશથી જવાબ આપ્યો: 'ફ્લોપ જાય તો ફિલ્મમાંથી તમે બે એડ (જાહેરાત) બનાવી જ શકશો. સિગારેટ ફૂંકતા દિનેશ ઠાકુરને સિગારેટની એડમાં અને મને ટૂથપેસ્ટની એડમાં!' સુરેશ જિંદાલને આ વ્યંગ એવો ખટકી ગયો કે અમોલ પાલેકર સાથે તેમને કાયમી અબોલા લઈ લીધા હતા એવું અમોલ પાલેકર પોતાના સ્મરણમાં 'વ્યૂહફાઈન્ડર'માં લખી ચૂકયા છે.

'રજનીગંધા' પછી અમોલ પાલેકરની 'છોટી સી બાત' અને 'ચિત્તચોર' એક જ વરસે, ૧૯૭૬માં રિલીઝ થઈ હતી. એ જ વરસે યશ ચોપરાની 'કભી કભી' અને ગુલઝારની 'મૌસમ' પણ રિલિઝ થઈ હતી, છતાં અમોલ પાલેકરની બન્ને ફિલ્મોએ થિયેટરમાં સિલ્વર જ્યુબિલી ઉજવી!. 'છોટી સી બાત' ફિલ્મથી જ સાઉથના ગાયક યશુદાસ (જાનેમન, જાનેમન ગીત)ની હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી થઈ હતી. અલબત્ત, આ ગીત ફિલ્મમાં ધર્મેન્દ્ર-હેમા માલિની પર શૂટ કરવામાં આવ્યું હતું, કારણ કે 'છોટી સી બાત' ફિલ્મ સુધી બાસુ ચેટરજી માનતા હતા કે વાસ્તવિક જીવનમાં આપણે ગીત ગાતા નથી એટલે મારા પાત્ર પણ (ફિલ્મમાં) ગીતો ગાશે નહીં.

બેશક, બાસુ ચેટરજીની આ માન્યતા ગુલઝાર સાહેબે તોડી. તેમણે સમજાવ્યું કે એમ તો આપણા જીવનમાં કશું બને તો બેકગ્રાઉન્ડ મ્યુઝિક પણ કયાં વાગે છે? આ તર્ક પછી બાસુ ચેટરજીએ 'ચિત્તચોર' ફિલ્મમાં પોતાનાં પાત્રો પાસે ગીતો (તું જો મેરે સૂર મેં, સૂર મીલા દે) ગવડાવ્યા એવો ઉલ્લેખ અનિતા પાધ્યેએ લખેલી બાસુ ચેટરજીની બાયોગ્રાફીમાંથી મળે છે. 'ચિત્તચોર' ફિલ્મને રાજશ્રીવાળાએ સ્ટ્રેટેજીના ભાગરૂપે મુંબઈના એકમાત્ર થિયેટરમાં રિલીઝ કરી હતી.

જો કે આ વાત જાણ્યા પછી અપસેટ થઈ ગયેલાં અમોલ પાલેકર-બાસુ ચેટરજી 'રાજશ્રી'ની ઓફિસ પહોંચી ગયેલા. તેમને સમજાવવામાં આવ્યું કે એક જ થિયેટરમાં રિલીઝ કરીને પહેલાં માઉથ પબ્લિસિટીનો લાભ લીધા પછી (હવા બંધાયા બાદ) 'ચિત્તચોર' બીજા થિયેટર અને શહેરોમાં રિલીઝ કરવામાં આવશે.

## રુકમા 'પાતાલલોક'ના હાથીરામથી અલગ અને ક્રૂર છે : જયદીપ આહલાવત

### 'ફેમિલી મેન ૩'માં 'ફર્ઝી ૨'નું ક્રોસ ઓવર જોવા મળવાની ચર્ચા



મનોજ બાજપાઈની 'ધ ફેમિલી મેન'ની ત્રીજી સીઝનનું ટ્રેલર આવી ગયું છે, ત્યારે આ સીઝનમાં જયદીપ આહલાવત, ગુલ પનાગ, નીમ્રત કૌર જેવા કલાકારો પણ જોડાયા છે. જયદીપનું હાથીરામનું પાત્ર ઘણું લોકપ્રિય થયું છે, ત્યારે જયદીપે હવે તેના આ રોલની વાત કરી છે. તેણે હાથીરામ અને રુકમા વચ્ચે સરખામણી પણ કરી હતી.

જયદીપ માટે ૨૦૨૫નું વર્ષ ઘણું સારું રહ્યું છે, જાન્યુઆરીમાં તેની 'પાતાલલોક ૨' આવી હતી. પછી તે એપ્રિલમાં 'જ્વેલથીફ – ધ હાઈસ્ટ બીગિન'માં પણ જોવા મળ્યો. હવે તે લોકપ્રિય સિરીઝમાં જોડાયો છે, ત્યારે જયદીપે કહ્યું, ''હું ખરેખર રાજ અને ડીકેનો આભારી છું. આ વર્ષની શરૂઆત પાતાલલોકથી થઈ અને અંત ફેમિલીમેન, રાજ અને ડિકે તેમજ મનોજભાઈ સાથે થશે.''

હાથીરામ અને રુકમાના પાત્ર વિશે વાત કરતાં જયદીપે કહ્યું, ''હાથીરામના રોલમાંથી બહાર નીકળવું મુશ્કેલ નહોતું. ખરેખર તો મેકર્સ માટે બંને પાત્રોને અલગ કરવા અઘરા હતા અને તેમણે જે રીતે આ બંને પાત્રો બનાવ્યા છે, તેનાથી તેમણે કરી બતાવ્યું છે, પછી એ દેખાવ હોય કે પછી પાત્રની અસર હોય. રુકમા જેટલો ક્રુર અને બેફિકરો છે, હાથીરામ તો એની આસપાસ પણ ન આવી શકે. રુકમાની સરખામણીએ હાથીરામ ઘણો ચિંતાશીલ સ્વભાવ ધરાવે છે. તેનાથી જ આ રોલ કરવામાં મને સૌથી વધુ મજા આવી.''જ્યારે મનોજ બાજપાઈ સાથે કામ કરવાના અનુભવ અંગે જયદીપે કહ્યું, ''મનોજભાઈ સાથે કરવાનો ઉત્સાહ શબ્દમાં મુકવો અશક્ય છે. તેમને રોલ માટે તૈયારી કરતા જોવા, એ જે રીતે પાત્રમાં પ્રવેશ કરે છે, એનાથી જ મને મજા આવી ગઈ હતી.''આ સિરીઝ ૨૧ નવેમ્બરે આવી રહી છે, ત્યારે હવે 'ધ ફેમિલી મેન'માં રાજ અને ડીકેની અન્ય એક સિરીઝ 'ફર્ઝી'નું ક્રોસ ઓવર જોવા મળે એવી પણ શક્યતા છે. 'ફર્ઝી'ની પહેલી સીઝનમાં 'ધ ફેમિલી મેન'નું ક્રોસ ઓવર જોવા મળ્યું હતું. જેમાં વિજય સેતુપતિ મનોજ બાજપાઈને એક હિન્ટ માટે મદદ માગવા ફોન કરે છે અને તે એને ચેલ્લમ સરનો સંપર્ક કરવા કહે છે. આ સિરીઝની ટ્રેલર લોંચ ઈવેન્ટમાં તેના ક્રિએટર્સ રાજા નિદિમોરુ અને ક્રિશ્ના ડિકે હાજર રહ્યા હતા. ત્યારે ક્રોસ ઓવર અંગેના પ્રશ્નમાં રાજ હસી પડ્યો હતો અને કહ્યું હતું કે, ''સમસ્યા એ છે કે ડીકે બહુ જ હસ્યા કરે છે અને બધું જ જાહેર કરી દે છે.'' જોકે, એમેઝોનની ટીમે તેમને આ અંગે કશું જ જાહેર કરતાં અટકાવવાની કોશિશ કરી હતી. પરંતુ તેમના આ પ્રતિસાદ પરથી લાગ્યું કે આ સિરીઝમાં પણ ક્રોસ ઓવર તો હશે જ. એમેઝોનમાં મનોરંજનની દુનિયામાં ક્રોસ ઓવર એક ટ્રેન્ડ બની ગયું છે

## શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ' ૩૫૦ કરોડના ખર્ચે બની રહેલી સૌથી મોંઘી ફિલ્મ


### શાહરુખની આ ફિલ્મમાં ૬ મોટા એક્શન સીન જોવા મળશે

શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ' દિવસે ને દિવસે મોટી ફિલ્મ બની રહી છે, આ ફિલ્મમાં ઈન્ડસ્ટ્રીની સૌથી મોટી કાસ્ટ લેવામાં આવી છે. સિદ્ધાર્થ આનંદ ડિરેક્ટ કરી રહ્યા છે એવી આ ફિલ્મ ઈન્ડિયન સિનેમાની સૌથી મોટી ફિલ્મ બની રહી છે. કેટલાક સુત્રોના જણાવ્યા અનુસાર આ ફિલ્મ ૩૫૦ કરોડના મસમોટા બજેટ સાથે બની રહી છે. આ બજેટમાં હજુ શાહરુખ અને ટીમ ફિલ્મની પબ્લિસિટી અને જાહેર ખબરોમાં જે ખર્ચ કરવાની છે, તેનો તો સમાવેશ થયો જ નથી.આ અંગે ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''કિંગમી શરૂઆત એક એક્શન થ્રિલર ફિલ્મ જેમાં શાહરુખનો એક લાંબો કેમિયો હોય એ રીતે થઈ હતી, જેને સુજોય ઘોષ ડિરેક્ટ કરવાના હતા. શરૂઆતમાં આ ફિલ્મનું બજેટ ૧૫૦ કરોડ હતું. પરંતુ આ ફિલ્મની સ્ક્રિપ્ટને વધુ સારી અને વધુ મોટી બનાવવાની શક્યતા હતી. જ્યારે સિદ્ધાર્થ આનંદની ડિરેક્ટર તરીકે એન્ટ્રી થઈ, તો એ શાહરુખ ખાન સાથે બેઠા અને એક મોટા સ્કેલની ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું, તેમાં ક્યારેય જોવા ન મળી હોય એવી એક્શન સિક્વન્સ ડિઝાઈન કરવામાં આવી. શાહરુખ એક એવો પ્રોડ્યુસર છે, જે દર્શકોને મજા કરાવવા અને મોટા પડદે જોવામાં અલગ અનુભવ કરાવે એવા દશ્યા તૈયાર કરવવા ગમે છે. તેમણે સિદ્ધાર્થ આનંદને છુટો દોર આપી દીધો હતો અને તેમણે ૩૫૦ કરોડનું બજેટ નક્કી કર્યું.''

શાહરુખને સિદ્ધાર્થનું આ ફિલ્મ માટેનું વિઝન ગમ્યું અને તેણે જે પ્રકારના સીન વિચાર્યા હતા તેનાથી શાહરુખ અચંભિત થઈ ગયો હતો. સુત્રએ જણાવ્યું, ''કિંગ એક ભારતમાં બનેલી ગ્લોબલ ફિલ્મ છે. પશ્ચિમી દેશોમાં જે પ્રકારની ફિલ્મ બનાવવામાં લાખો ડોલર ખર્ચાઈ જાય છે, તે ફિલ્મ સિદ્ધાર્થ આનંદ તેના પાંચમા ભાગના ખર્ચમાં જ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં છ મોટા એક્શન સીન પણ છે, જેની પરફેક્ટ ડિઝાઈન કરવામાં આવી છે. તેમાંથી ત્રણ સીન તો વાસ્તવિક લોકેશન પર શૂટ કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના ત્રણ સીન સેટ પર શૂટ કરવામાં આવશે.''

શાહરુખની એન્ટ્રી જે એક્શન સીનથી થવાની છે, તેના માટે જ ખુબ મોટો ખર્ચ કરવામાં આવ્યો છે, તે આ ફિલ્મનો સૌથી મોટો અને મહત્વનો સીન હશે. આ ફિલ્મને ગૌરી ખાન અને મમતા આનંદે પ્રોડ્યુસ કરી છે, જે ૨૦૨૬માં રિલીઝ થશે.

આ ફિલ્મમાં શાહરુખ ખાન સાથે સુહાના ખાન પણ છે. તે ઉપરાંત આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, રાની મુખર્જી, રાઘવ જુયાલ, અનિલ કપૂર, જેકી શ્રોફ, અર્ષદ વારસી, સૌરભ શુક્લા, જયદીપ આહલાવત, અભય વર્મા અને અક્ષય ઓબેરોય સહીતના કલાકારો છે. જયદીપ અને રાઘવ પહેલી વખત શાહરુખ સાથે કામ કરશે, જ્યારે જેકી શ્રોફ, અનિલ કપૂર અને શાહરુખે છેલ્લે ૧૯૯૫માં ત્રિમૂર્તિ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. શાહરુખને હાથમાં ઈજા થવાથી આ ફિલ્મનું શૂટિંગ થોડા સમય માટે અટકાવાયું છે, તે ટૂંક સમયમાં ફરી શરૂ થઈ જશે.




## કૈટરીના કૈફ માતા બની, ૪૨ વર્ષની ઉંમરે આપ્યો પુત્રને જન્મ

અમારા બાળકનું આ દુનિયામાં આગમન થયું છે. અમે બંને ખૂબ જ ખુશ છીએ: વિકીએ શેર કરી પોસ્ટઅભિનંદન! દ્બહૈહિક દ્બહૈક માતા બની, ૪૨ વર્ષની ઉંમરે આપ્યો પુત્રને જન્મઅમારા બાળકનું આ દુનિયામાં આગમન થયું છે. અમે બંને ખૂબ જ ખુશ છીએ: વિકીએ શેર કરી પોસ્ટબોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાંથી સારા સમાચાર આવ્યા છે. વિકી કૌશલ અને કેટરિના કૈફ માતા-પિતા બન્યા છે. ઘરે એક નાનો રાજકુમાર આવી ગયો છે. વિકીના માતા-પિતા ખૂબ જ ખુશ છે. ભાઈ સની કૌશલ પણ ખૂબ જ ઉત્સાહિત છે. નોંધનીય છે કે, વિકી કૌશલ અને કેટરિના કૈફે તેમની ગર્ભાવસ્થાની જાહેરાત ખૂબ મોડી કરી હતી. જોકે, તેમણે સમયસર તેમના બાળકના આગમનની જાહેરાત કરી છે.

વિકી કૌશલે તેના ફેન્સ સાથે ખુશખબર શેર કરતા લખ્યું, અમારા બાળકનું આ દુનિયામાં આગમન થયું છે. અમે બંને ખૂબ જ ખુશ છીએ કારણ કે તે અમારી ખુશી છે, અને અમને પુત્ર આપવા બદલ અમે ભગવાનનો આભાર માનીએ છીએ.'

ફક્ત ફેન્સ જ નહીં, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મિત્રો પણ આ કપલ પર અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે. મનીષ પોલે લખ્યું, "આખા પરિવારને, અને ખાસ કરીને તમને બંનેને, તમારા બાળકના આગમન પર ખૂબ ખૂબ અભિનંદન." રકુલ પ્રીત સિંહ પણ વિકી અને કેટરિના માટે ખૂબ જ ખુશ છે. અર્જુન કપૂર અને હુમા કુરેશીએ હાર્ટ ઈમોજી સાથે ખુશી વ્યક્ત કરી હતી.


## અભિનયના આખિરી મુગલ દિલીપકુમારનું ગુજરાતી કનેક્શન!

દિલીપકુમાર વિશે ખૂબ બધું કહી શકાય એમ છે પણ મને પૂછો તો હું એટલું જ કહીશ કે દિલીપકુમારેઆખા ભારતને બોલતા શીખવ્યું! હમણાં ૭ જુલાઈએ એમની વિદાયને ૩ વરસ થયા પણ દિલીપ કુમાર હજુ જીવે છે. મુગલ-એ-આઝમના અભિનેતા, યુસુફ ખાન ઉર્ફ દિલીપસાબ હિંદુસ્તાની અભિનય જગતના એક આખિરી મુગલ હતા. ફિલ્મલાઇનને લીધે મારું સદનસીબ કે કે એમને અલપ ઝલપ મળવાનું થતું રહેતું ને દરેક વખતે સમજાતું કે સોફિસ્ટિકેટેડ ભણેલ અને ગંભીર કલાકારનો 'ક્લાસ' શું ચીજ છે! ૧૯૯૦માં 'દૂસરા આદમી' – 'બસેરા' જેવી ફિલ્મના નિર્દેશક રમેશ તલ્વારને ત્યાં હું ત્રીજો સહાયક નિર્દેશક હતો ત્યારે દિલીપકુમારને બંગલે ફિલ્મ સાહિબાં'ના મુહૂર્તનું કાર્ડ આપવા ગયેલો ત્યારે પહેલીવાર રૂબરૂ દિલીપજીને જોયા, હું પગે લાગ્યો. એમણે કાર્ડ જોઈને સસ્મિત ઈશારા સાથે સસ્મિત જવા કહ્યું.

'સાહિબાં' રમેશ તલ્વારની કમબેક ફિલ્મ હતી. છેલ્લે દિલીપસાબ સાથે જ 'દુનિયા' (૧૯૮૫) કરેલી. ત્યારે દિલીપકુમારે અભિનંદન આપતાં રમેશજીને ફોન પર કહેલું: 'મહેરબાં હો કે બૂલા લો મૂઝે ચાહો જિસ વક્ત, મૈં ગયા વક્ત નહીં હૂં કિ લૌટ કે આ ભી ના સકું!' આ સાંભળીને રમેશ તલ્વારની આંખો ભીની થઇ ગયેલી, કેરિયરમાં ફરી ઊભા થવા જઇ રહેલ નિર્દેશકનું શેર લોહી ચઢે એવો આ શેર કહેવાનો ક્લાસ દિલીપકુમારમાં જ હોય.

વર્ષો બાદ, જૂહુની સેંટૂર હોટેલમાં (આજની તુલિપ-સ્ટારમાં-હવે તો એ પણ તૂટી રહી છે. ત્યાં બહુમાળી સંકુલ બની રહ્યું છે) ઝી ટીવીની 'ફિલ્મી ચક્કર' સિરિયલનાં લેખન માટે મને 'અપટ્રોન ટીવી એવોર્ડ' દિલીપસાબના હાથે મળ્યો. ફંક્શન પછી પાર્ટીમાં એમની સાથે વાત થઇ ને તરત પારખી ગયા કે હું ગુજરાતી છું. પછી ૫-૭ મિનિટ શુદ્ધ ગુજરાતીમાં મારી સાથે બોલ્યા જાણે કોઇ ગુજરાતીનો પ્રોફેસર વાત ના કરતો હોય ! એક ગુજરાતી જોડકણું પણ સંભળાવેલું કે- 'દિવાળીના દિવસોમાં ફટાકડા ફટફટ થાય, નાનાઓ પણ ખુશ થાય ને મોટાઓ પણ હરખાય!' દિલીપકુમારનું હિંદી-ઉર્દૂ-અંગ્રજી અને ભારતની ભાષાઓ પર અદ્ભુત પ્રભુત્વ. એ અભિનતા ગોવિંદાને 'ગોવિંદ' કહેતા, જે સાચો સંસ્કૃત ઉચ્ચાર છે. ગુજરાતી પુસ્તક ગઝલ-૧૦૧ના વિમોચનમાં એમણે ગુજરાતીમાં વાત શરૂ કરીને હિંદી-ઉર્દૂમાં ગઝલના ઈતિહાસ વિશે ૧ કલાક એવું બોલેલા કે જાણે ગઝલ પર પીએચડી. કરી હોય.

કલાકાર પરેશ રાવલે, કહેલું કે કોલેજકાળમાં એ જ્યારે સ્ટેજ પર એકટિંગ કરતા ત્યારે એક જ દિવસે બે અલગ અલગ પ્રોગ્રામમાં દિલીપકુમાર ચીફ ગેસ્ટ હતા. સવારે એક કાર્યક્રમ હતો ડેંટિસ્ટ એસોસિયેશનનો ને સાંજે બીજો પ્રોગ્રામ હતો વકીલો માટેનો. ત્યાં બેઉ સ્થળે દંત- ચિકિત્સા વિશે અને વકીલાત વિશે દિલીપકુમાર ૧ કલાક સુધી ઊંડાણપૂર્વક અંગ્રજીમાં બોલેલા એવી એમની તૈયારી! એજ રીતે એમ.ડી. કોલેજમાં કબડ્ડીના કાર્યક્રમમાં મહેમાન હતા ત્યારે કબડ્ડીના ઈતિહાસ પર પણ એટલું જ સરસ બોલેલા!ગુજરાતી નાટકોના સ્ટાર અભિનેતા-નિર્દેશક પ્રવીણ જોષીનાં નાટકો જોવા દિલીપકુમાર ઘણીવાર આવતા અને પ્રવીણ જોષીએ દિલીપસાહેબને લઇને એક ફિલ્મ પણ બનાવવાનું પ્લાન કરેલો પણ પછી એ બન્યું નહી. આપણા ગુજરાતી હરિભાઇ ઉર્ફ સંજીવકુમારને દિલીપકુમારે સામેથી બોલાવીને 'સંઘર્ષ' ફિલ્મ અપાવેલી જેમાં બેઉની ટક્કર હતી. કહેવાય છે કે એ ફિલ્મ પછી જ સંજીવકુમારની ગણતરી એ ગ્રેડના સ્ટારમાં થવા માંડી. વળી સંજીવકુમારે 'નયા દિન,નઈ રાત' ફિલ્મમાં એકસાથે ૯-૯ રોલ કરેલા અને એની શરૂઆતમાં આપેલ કોમેંટ્રીમાં દિલીપકુમારે સંજીવકુમારને 'આજ કે દૌર કે મહાન કલાકાર' કહીને બિરદાવેલા. જે એમની મહાનતા કહેવાય. પછી છેક ૨૦૦૦માં મુગલે આઝમ જ્યારે કલર ફિલ્મ તરીકે ફરી રીલિઝ થઇ ત્યારે ગુજરાતી ડાયમંડ વેપારી અને નિર્માતા દિનેશ ગાંધીએ બોની કપૂર સાથે એ રજૂ કરેલી. ત્યારે પ્રીમિયર શોમાં, ઇંટરવલમાં દીપ પ્રાગટય કરીને ફિલ્મના પારસી નિર્માતા શાપરુજી પરિવારના ખૂબ વખાણ કરેલાં કે એમના વિના આવી મહાન ફિલ્મ શક્ય ના હોત! એ પ્રીમિયરમાં કુખ્યાત રાજનેતા અમર સિંહ પણ સ્ટેજ પર હતાં.એ વખતે દિલીપકુમારે મોકો જોઇને પછી ભારતના ભવ્ય ઈતિહાસની વાત કરી અને અમર સિંહ તરફ નિર્દેશ કરીને કહ્યું કે આજે જુઓ કેવા નેતાઓ અહીં ઊભા છે! એમની આ માર્મિક ટકોર દર્શકો પામી ગયા ને ઓડિયંસમાં જબરું હાસ્ય ફેલાઈ ગયું ને પછી તો દિલીપકુમારે ૧૦ મિનિટ ભારતની મહાનતાની વાતને અલગ અલગ સ્ટાઇલમાં દોહરાવી ને છેલ્લે દર વખતે અલગ રીતે અમર સિંહ પર ઈશારો કરતા કે- અને આજે જુઓ, કેવા કેવા લોકો રાજકારણમાં છે! છેવટે તો ખાલી અમર સિંહને એવી નજરે જુએ કે લોકો, તાળીને સીટી વગાડે. છેવટે અમર સિંહે સ્ટેજ પરથી ઊતરી જવું પડેલું!૨૦૦૪માં સુભાષા ઘાઇ નિર્મિત 'ઇકબાલ' ફિલ્મના પ્રીમયરમાં દિલીપસાબ આવેલા ને પોતે પણહીરો હતા ત્યારે માથા પર કેવા વાળ સરસ હતા એ દેખાડવા હવામાંથી જાદૂગરની જેમ કાંસકો કાઢીનેજાતજાતના કરતબ કરી દેખાડેલા. સહારા ટીવી માટે 'યે ફિલમોં કે સિતારે' જેવી ૨-૩ સિરિયલમાં મારાપિતા(છેલ-પરેશ)કલા નિર્દેશક હતા ત્યારે શૂટિંગ ઘણીવાર એમના બંગલે થતું. મારા પપ્પા જેવા એમનાજૂના ફેનને શૂટિંગ બાદ દિલીપજી પાર્ટી આપે, રજવાડી ડિનર કરાવે અને એમને ટેક્સી મળે ત્યાં સુધી કેકદીક તો છેક ઘર સુધી એમની કાર મૂકવા આવે એવી એમની ખાનદાની! એકવાર ૨૦૦૫ની આસપાસ 'નુક્કડ' સિરિયલ કે 'યસ બોસ', 'ફિરભી દિલ હૈ હિંદુસ્તાની' જેવી ફિલ્મોના નિર્દેષક અઝીઝ મિર્ઝા એક ટી.વી. સિરિયલ અંગે દિલીપકુમાર પાસે મદદ માગવા અમે ગયા.ફિલ્મસ્ટારનો પહેલો 'પ્રેમ' એ વિષય પર એમનો ઈન્ટરવ્યુ લેવો હતો. સ્ટાર્સના પ્રથમ પ્રેમપ્રકરણનીઘટનાને નવા કલાકારો પાસે ભજવીને વાર્તા રૂપે દેખાડવાનો એક કંસેપ્ટ હતો જે હું લખતો હતો. અઝીઝ મિર્ઝાના પિતા સ્વ. અખ્તર મિર્ઝાએ દિલીપકુમારની નયા દૌર' જેવી અનેક ફિલ્મો લખેલી. એટલે અઝીઝને નાનપણથી ઓળખે. આખી વાત સાંભળ્યા પછી દિલીપકુમારે જાહેરમાં પોતાના પ્રથમ પ્રેમનો કિસ્સો કહેવા માટે ના કહી! પછી બંગલાની બહાર ગાડી સુધી ધ્રૂજતા પગે દિલીપકુમાર, અઝીઝને મૂકવા આવ્યા અને કહ્યું, 'બેટા,ઐસા મત સમઝના કિ મૈં તુમ્હારી સિરિયલ ટાલ રહા હૂં પર મેરા ઈમાન નહી માનતા ઉસ ઔરત કે બારે મેં સરેઆમ બાત કરને કે લિયે. મૈં તુમ્હેં ફોન પર ભી મના કર સકતા થા લેકિન, મૈંને તુમ્હેં મેરે ઘર પર બુલાયા, સાથ ખાના ખાયા, મેરી બાત સમઝાઈ ક્યૂંકિ અબ મૈં જબ ઝન્નત મેં તેરે અબ્બા(અખ્તર મિર્ઝા) કો મિલૂંગા તો મૈં કમસેકમ ઈત્મિનાન સે યહ તો કહ તો પાઉંગા કિ મૈંને તેરે બેટે કો સૂના ઔર સમઝાને કી કોશિશ તો કી! વર્ના રિશ્તોં કા મતલબ ક્યા? દિલીપ કુમાર, જેવો ક્લાસી ને ક્લાસિક એક્ટર કદાચ ફરી કદી યે નહી થાય!



# હોંગકોંગ સિક્સિસ ટુર્નામેન્ટમાંથી ટીમ ઈન્ડિયા આઉટ

## ટુર્નામેન્ટમાં કુવૈત, યુએઈ અને નેપાળ સામે ભારતીય ટીમનો પરાજય

હોંગકોંગમાં રમાઈ રહેલી હોંગકોંગ સિક્સિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફેવરિટ ગણાતી ભારતીય ક્રિકેટ ટીમ નોક-આઉટ રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેનું અભિયાન સમાપ્ત થઈ ગયું હતું. આ ટુર્નામેન્ટમાં ૬-૬ ઓવરની મેચ હોય છે અને બંને ટીમમાં છ છ ખેલાડીઓ રમે છે.

ભારતીય ટીમમાં દિનેશ કાર્તિક, રોબિન ઉથપ્પા, પ્રિયાંક પંચાલ, અભિમન્યુ મિથુન, સ્ટુઅર્ટ બિન્ની, શાહબાઝ નદીમ જેવા ખેલાડીઓ હોવા છતાં તેને કુવૈત, યુએઈ અને નેપાળ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાની ટીમ સામે પણ ભારતે બે રને વિજય નોંધાવ્યો હતો અને મેચનું પરિણામ ડકવર્થ લૂઈસ સિસ્ટમને આધારે આવ્યું હતુંગ્રૂપ-સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટીમ કુવૈતના બેટર્સને નિયંત્રણમાં રાખી શક્યા ન હતા. કુવૈત માટે યાસિન પટેલે ૧૪ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા જેની મદદથી ટીમે છ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૫.૪ ઓવરમાં છ વિકેટે ૭૯ રન જ નોંધાવી શકી હતી. કુવૈત સામે મળેલા પરાજયના થોડા કલાકો બાદ ભારતીય ટીમને વધુ એક ઝાટકો લાગ્યો હતો અને છઈ સામે ચાર વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. અભિમન્યુ મિથનના ૫૦ અને દિનેશ કાર્તિકના ૪૨ રનની મદદથી ભારતે ત્રણ વિકેટે ૧૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો પરંતુ છઈએ ૫.૫ ઓવરમાં બે વિકેટના નુકસાને ૧૧૧ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી.ઉપરા-ઉપરી બે પરાજય બાદ ભારતની ત્રીજી મેચ નેપાળ સામે હતી જેમાં ભારતને ૯૨ રનના જંગી અંતરથી પરાજય મળ્યો હતો. નેપાળે તોફાની બેટિંગ કરતા છ ઓવરમાં વિના વિકેટે ૧૩૭ રન ખડકી દીધા હતા. જેમાં વિકેટકીપર કેપ્ટન સંદીપ જોરાએ પાંચ સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૧૨ બોલમાં અણનમ ૪૭ રન ફટકાર્યા હતા. જ્યારે રાશિદ ખાને ૧૭ બોલમાં ૫૫ રન ફટકાર્યા હતા જેમાં તેણે ચાર ચોગ્ગા અને છ સિક્સર ફટકારી હતી. રાશિદ ખાન રિટાયર્ડ હર્ટ થયો હતો. તેના સ્થાને બેટિંગમાં આવેલા લોકેશ બામે સાત બોલમાં ૩૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જેની સામે ભારતીય ટીમ ત્રણ ઓવરમાં છ વિકેટે ૪૫ રન જ નોંધાવી શકી હતી.



# વધુ એક રોમાંચક વિજય સાથે ન્યૂઝીલેન્ડની સરસાઈ

## વેસ્ટ ઇન્ડિઝ સામેની ત્રીજી ટી૨૦માં નવ રનથી વિજય, સિરીઝમાં ૨-૧ની સરસાઈ



ડેવોન કોનવેની આક્રમક અડધી સદી અને મેન ઓફ ધ મેચ ઈશ સોઢીની વેધક બોલિંગની મદદથી ન્યૂઝીલેન્ડે રવિવારે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામે નવ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. આમ તેણે પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. વર્તમાન સિરીઝમાં આ ત્રીજી મેચ હતી જેમાં પરિણામ સિંગલ ડિજીટથી આવ્યું હતું.

રવિવારે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ન્યૂઝીલેન્ડે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૭૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૬૮ રનના સ્કોરે આઉટ થઈ ગઈ હતી.પ્રથમ બેટિંગ કરતાં ડેવોન કોનવેએ ૩૪ બોલમાં બે સિકસર અને છ ચોગ્ગા સાથે ૫૬ રન ફટકાર્યા હતા તો ડેરેલ મિચેલે ૨૪ બોલમાં ત્રણ સિક્સર સાથે ૪૧ રન ફટકાર્યા હતા. ટિમ રોબિન્સને ૨૩ અને રચિન રવીન્દ્રએ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું.વેસ્ટ ઈન્ડિઝ માટે મેથ્યુ ફોર્ડ અને જેસન હોલ્ડરે બે બે વિકેટ લીધી હતી. ૧૭૮ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝ માટે રોમારિયો શેફર્ડ ૩૪ બોલમાં ત્રણ સિક્સર સાથે ૪૯ રન ફટકાર્યા હતા જ્યારે ઓપનર અલિક અથાનાઝેએ ૨૩ બોલમાં ૩૧ રન ફટકાર્યા હતા. ન્યૂઝીલેન્ડના ડેકોબ ડફીએ ૩૬ અને ઈશ સોઢીએ ૩૪ રન આપીને ત્રણ ત્રણ વિકેટ ખેરવી હતી. પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં હવે સોમવારે ચોથી મેચ રમાશે.

# સુરતમાં રણજી બેટ્સમેનનો સતત આઠ બોલમાં આઠ છગ્ગાનો વિશ્વવિક્રમ..



સુરતઃ અહીં રણજી ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામેની મૅચમાં મેઘાલયના આકાશ કુમાર ચૌધરી નામના બૅટ્સમૅને કમાલ કરી નાખી. તેણે બે બોલરની બોલિંગને ચીંથરેહાલ કરી નાખી. આકાશે લાગલગાટ આઠ બૉલમાં આઠ સિક્સર ફટકારવાનો નવો વિશ્વવિક્રમ કર્યો છે.

આકાશે મેઘાલયની ૧૨૬મી અને ૧૨૭મી ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે અરુણાચલના ૩૪ વર્ષની ઉંમરના લિમર ડાબી નામના લેફ્ટ-આર્મ સ્પિનરની ઓવરના તમામ છ બૉલમાં છ છગ્ગા ફટકારી દીધા હતા. ત્યાર પછી આકાશે અરુણાચલના ટીએમઆર મોહિત નામના ઑફ-સ્પિનરના પ્રથમ બે બૉલમાં પણ સિક્સર મારી હતી. એ સાથે તેણે સતત આઠ બૉલમાં ઊંચા શૉટ ફટકાર્યા હતા જેમાં આઠ સિક્સર તેના નામે લખાઈ હતી.

રણજી ટ્રોફી સહિતની બીજી ડોમેસ્ટિક મૅચો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટનો હિસ્સો ગણાય છે અને આ પ્રકારની ક્રિકેટમાં આ નવો વિશ્વવિક્રમ છે. પચીસ વર્ષનો આકાશ ચૌધરી રાઈટ-હૅન્ડ બૅટ્સમૅન છે અને તે વિસ્ફોટક બૅટિંગ માટે જાણીતો છે.

આકાશ વિશ્વનો એવો માત્ર ત્રીજો બૅટ્સમૅન છે જેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ઓવરના છ બૉલમાં છ સિક્સર ફટકારી છે. આ પહેલાં, સર ગૅરી સોબર્સ અને રવિ શાસ્ત્રી આ સિદ્ધિ મેળવી ચૂક્યા હતા.

આકાશ ચૌધરીએ માત્ર ૧૧ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને આટલા ઓછા બૉલમાં હાફ સેન્ચુરી ફટકારનારો તે પહેલો બૅટ્સમૅન છે. તેણે ૧૩ વર્ષ જૂનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. ૨૦૧૨માં લિસેસ્ટરશર કાઉન્ટી ટીમના વેન નાઈટ નામના બૅટ્સમૅને ૧૨ બૉલમાં ૫૦ રન કર્યા હતા. ક્લાઈવ ઈનમૅન નામના ખેલાડીએ ૧૯૬૫માં ૧૩ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. આકાશે આ બન્નેને પાછળ રાખી દીધા છે.મેઘાલયે પ્રથમ દાવ ૬/૬૨૮ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો. એમાં અર્પિત ભાટેવારા (૨૦૭ રન), રાહુલ દલાલ (૧૪૪ રન) અને કૅપ્ટન કિશન લિન્ગડો (૧૧૯ રન) તથા અજય દુહાન (૫૩ રન)ના સૌથી મોટા યોગદાનો હતા, પણ આકાશ ચૌધરી સતત આઠ છગ્ગા ફટકારીને વધુ છવાઈ ગયો હતો. અરુણાચલના ત્રણ બોલરની બોલિંગમાં ૧૦૦થી વધુ રન થયા હતા.અરુણાચલની ટીમ પ્રથમ દાવમાં ૭૩ રનમાં ઑલઆઉટ થઈ અને ફૉલો-ઑન બાદ બીજા દાવમાં એણે ૨૯ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. મેઘાલયની ટીમ હજી ૫૨૬ રનથી આગળ છે અને સોમવારે એક દાવથી જીતી શકે.


# રાજસ્થાન સેમસન આપીને ચેન્નઈ પાસેથી લેશે જાડેજા અને સેમ કરેન



જયપુરઃ વિકેટકીપર-બૅટ્સમૅન સંજુ સૅમસન ૨૦૨૬ની આઈપીએલમાં કઈ ટીમ વતી રમશે એની ચર્ચા વચ્ચે આધારભૂત સમાચાર મળ્યા છે કે રાજસ્થાનનું ફ્રૅન્ચાઇઝી ટ્રેડ ડીલના ભાગરૂપે સૅમસન આપીને ચેન્નઈની ટીમ પાસેથી ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ઉપરાંત બીજો ઑલરાઉન્ડર સૅમ કરૅન પણ લેશે.

ક્રિકેટ જગતની સૌથી મોટી લીગ ટૂર્નામેન્ટ આઈપીએલનું આ હાઈ-પ્રોફાઈલ પ્લેયર ટ્રેડ કહેવાશે. એવી પણ ચર્ચા છે કે બન્ને ફ્રૅન્ચાઇઝીએ આ ત્રણેય ખેલાડી સાથે ચર્ચા કરી લીધી છે. સૅમસન ૧૧ વર્ષથી રાજસ્થાનની ટીમમાં છે અને જાડેજા ચેન્નઈ સાથે ૨૦૧૨ની સાલથી જોડાયેલો છે.એવું જાણવા મળ્યું હતું કે રાજસ્થાનની ટીમનું મૅનેજમેન્ટ સૅમસનના બદલામાં માત્ર એક ખેલાડી મળે એનાથી ખુશ નહોતું. એ તો ઈચ્છે હતું કે એને સૅમસનના બદલામાં જાડેજા ઉપરાંત સાઉથ આફ્રિકાનો આક્રમક બૅટ્સમૅન ડેવાલ્ડ બ્રેવિસ પણ મળી જાય. બ્રેવિસ ક્રિકેટ જગતમાં બૅબી ડિવિલિયર્સ તરીકે ઓળખાય છે.એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઈટના અહેવાલ મુજબ સૅમસન તથા જાડેજાને પાછલી સીઝનમાં અનુક્રમે રાજસ્થાન અને ચેન્નઈએ ૧૮ કરોડ રૂપિયાવાળા સ્લૉટમાં રિટેન કર્યા હતા. અત્યાર સુધીમાં તેમની અદલાબદલીને લગતી ડીલ પાક્કી થઈ જવી જોઈતી હતી, પરંતુ રાજસ્થાનનું ફ્રૅન્ચાઇઝી ખેલાડીઓને સીધા સ્વૅપ કરવા માટે તૈયાર નથી. એ ઈચ્છે છે કે આ ટ્રેડમાં ચેન્નઈની ટીમના માલિકો એને સૅમસનના બદલામાં જાડેજા ઉપરાંત વધુ એક ખેલાડી પણ આપે. જોકે ચેન્નઈની ટીમના અધિકારી બ્રેવિસ આપવા રાજી નહોતા.

# અનાયા બાંગરે ફરીથી હાથમાં બેટ પકડ્યું, ડબ્લ્યુપીએલ ઓક્શન પહેલા આરસીબી કીટ સાથે શરૂ કરી પ્રેક્ટિસ



છોકરામાંથી છોકરી બની ચૂકેલી અનાયા બાંગરે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની કીટ પહેરીને મેદાનમાં ઉતરતી જોવા મળી રહી છે. અનાયા બાંગરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૫ માટે રીટેન્શન લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. પાંચેય ટીમોએ પોતાની રીટેન કરેલી અને રીલીઝ કરેલી ખેલાડીઓનું લિસ્ટ જાહેર કર્યું છે. આ વર્ષે વિમેન્સ પ્રીમિયર લીગમાં બધી ટીમોમાં ઘણા ફેરફારો થયા છે.

આ દરમિયાન આગામી સીઝન પહેલા અનાયા બાંગરનો RCB કીટ સાથે એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ દરમિયાન તે પ્રેક્ટિસ કરતી જોવા મળી રહી છે. થોડા દિવસો પહેલા જ અનાયાએ ક્રિકેટમાં પરત ફરવાની જાહેરાત કરીને ફેન્સને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

અનાયાએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એક નવો વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ઓફિશિયલ ક્રિકેટ કીટ બેગ પકડીને મેદાન તરફ ચાલતી જોવા મળે છે. વીડિયો તેની દોડથી શરૂ થાય છે. ત્યારબાદ તે વોર્મ-અપ કસરતો અને સ્ટ્રેચિંગ કરે છે. ત્યારબાદ અનાયા તેના પેડ્સ પહેરે છે અને શેડો પ્રેક્ટિસમાં બિઝી રહે છે. આ દરમિયાન તે ડ્રાઈવ મારતી જોવા મળે છે.

તેણે પોસ્ટમાં લખ્યું છે કે "મારી દુનિયા બદલાઈ ગઈ છે, પણ મારું સ્વપ્ન ક્યારેય બદલાયું નથી. હું મારા લોહીમાં ક્રિકેટ લઈને જન્મી હતી અને હવે હું તેને મારા સત્ય સાથે રમું છું." તેની પોસ્ટને સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિસાદ મળ્યો, ફેન્સ અને ક્રિકેટ પ્રેમીઓએ તેની હિંમત અને જુસ્સાની પ્રશંસા કરી.અનાયા છોકરામાંથી છોકરી બની ગઈ છે. પહેલા તે આર્યન બાંગર તરીકે જાણીતી હતી. આર્યન મુંબઈની અંડર-૧૬ ટીમ માટે રમી હતી. જ્યાં તે યશસ્વી જયસ્વાલ, સરફરાઝ ખાન અને મુશીર ખાન જેવા ઉભરતા સ્ટાર્સ સાથે રમી હતી. અનાયા બાંગરે યુકેમાં હોર્મોન રિપ્લેસમેન્ટ થેરાપી અને જેન્ડર-અર્ફમિંગ સર્જરી કરાવી હતી.અનાયાના પિતા સંજય બાંગરે ભારત માટે ૧૨ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૨૯.૩૭ની એવરેજથી ૪૭૦ રન બનાવ્યા હતા. તેમને ૧૫ વનડે મેચ પણ રમી હતી, જેમાં ૧૩.૮૪ની એવરેજથી ૧૮૦ રન બનાવ્યા હતા. ત્યારબાદ તેમને ભારતના બેટિંગ કોચ તરીકે સેવા આપી હતી. તેઓ હાલમાં કોમેન્ટ્રીમાં એક્ટિવ છે.

# તાઇપેઇની શટલર તાઇ જુ યિંગે બેડમિન્ટનમાંથી નિવૃત્તિ લીધી

## પીવી સિંધુને ચિંગ સામે રમવાનું સહેજ પણ પસંદ નહોતું



ટોક્યો ઓલિમ્પિકની સિલ્વર મેડલ વિજેતા અને ચાઈનીઝ તાઈપેઈની મહિલા બેડમિન્ટન ખેલાડી તાઈ જુ વિંગે રમતમાંથી નિવૃત્તિ લઈ લીધી છે જેની સાથે તેની શાનદાર કારકિર્દીનો અંત આવી ગયો છે. ધિંગે ૧૭ બીડબ્લ્યૂએફ વર્લ્ડ ટૂર ટાઈટલ પોતાના નામે કર્યા હતા અને તે ૧૨ ટૂર્નામેન્ટમાં રનર્સ અપ રહી હતી. પોતાની ક્લાસિકલ તથા કાંડાના જાદુથી જાણીતી ૩૧ વર્ષીય શટલર જુ ચિંગે જણાવ્યું હતું કે સતત ઈજાઓના કારણે નિવૃત્તિ લેવાની મને ફરજ પડી છે. ચિંગે છેલ્લે ૨૦૨૪માં ઈન્ડિયા ઓપનનું ટાઈટલ જીત્યું હતું. તેણે સોશિયલ મીડિયામાં આ બાબતની જાણકારી આપી હતી. તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે વખત મેડલ પણ હાંસલ કર્યો હતો.ભારતની ઓલિમ્પિયન પીવી સિંધુએ જુ ચિંગને સારા ભવિષ્યની શુભેચ્છા પાઠવીને જણાવ્યું હતું કે ૧૫ કરતાં વધારે વર્ષો સુધી તમે મારી મજબૂત હરીફ રહી હતી. ૨૦૧૬ની રિયો ઓલિમ્પિકમાં સિલ્વર તથા ૨૦૧૯માં વર્લ્ડ ચેમ્પિયનશિપનો ગોલ્ડ મેડલ જીત્યો તે પહેલાં તમારી સામે કોર્ટ ઉપરના મુકાબલાએ મારું બેસ્ટ પ્રદર્શન કરવાની ફરજ પાડી હતી. નોંધનીય છે કે તાઈપેઈની ખેલાડીએ સિંધુને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાથી વંચિત રાખી હતી. વાસ્તવિક રીતે મને તમારી સામે રમવાનું સહેજ પણ પસંદ નહોતું.

# લિવરપુલ માટે મોહમ્મદ સાલાહના ૨૫૦ ગોલ પૂરા

## ચેમ્પિયન્સ લીગઃ લિવરપુલે એસ્ટન વિલાને ૨-૦થી તથા ચેલ્સીએ ટોટનહામને ૧-૦થી હરાવ્યું

સ્ટાર સ્ટ્રાઈકર મોહમ્મદ સાલાહે મેળવેલી વિશેષ સિદ્ધિની વચ્ચે લિવરપુલ ક્લબે ઈંગ્લિશ પ્રીમિયર લીગની મેચમાં એસ્ટન વિલા સામે ૨-૦થી વિજય મેળવીને ચેમ્પિયનશિપમાં સતત ચાર મેચથી ચાલી રહેલી પરાજયની પરંપરાને તોડી નાખી હતી. મોહમ્મદ સાલાહે લિવરપુલ માટે ૨૫૦ ગોલ પૂરા કરવાની સિદ્ધિ હાંસલ કરી હતી. રેયાન ગ્રેવનબાર્ચે બીજો ગોલ નોંધાવ્યો હતો. ડિફેન્ડિંગ ચેમ્પિયન લિવરપુલ હવે પોઈન્ટ ટેબલમાં ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે. ગયા સપ્તાહે ક્રિસ્ટલ પેલેસ સામે હાર્યા બાદ લિવરપુલ લીગ કપમાંથી બહાર થઈ ગયું હતું અને આ છેલ્લી સાત મેચમાં તેનો છઠ્ઠો પરાજય પણ રહ્યો હતો.દરમિયાન ચેલ્સીએ પોતાના ઘરઆંગણે રમાયેલી મેચમાં ટોટનહામ હોટ્સપુરને ૧-૦થી પરાજય આપ્યો હતો. બ્રાઝિલિયન સ્ટ્રાઈકર જોઆ ઓ પેડ્રોએ ચેલ્સી માટે એક માત્ર ગોલ કર્યો હતો અને છેલ્લી કેટલીક મેચથી ગોલવિહોણો રહેવાનો પોતાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો. બ્રાઝિલિયન ખેલાડીએ છેલ્લે ૩૦મી ઓગસ્ટે પોતાનો ગોલ કર્યો હતો. ત્યારબાદ તે સતત નવ મેચમાં એક પણ ગોલ કરી શક્યો ન હતો.



સાંધ્ય દૈનિક **પ્રતાપ દર્પણ**

સોમવાર, તા.૧૦ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરતમાં વરિયા પરિવારે લગ્નમાં "કન્યાદાન" શબ્દને તિલાંજલિ આપી : નાની બહેને કરી જવતલ વિધિ

**સુરતના ધબકાર દૈનિકના તંત્રી નરેશ વરિયાએ કૂરિવાજો સામે આર્થિક રીતે દેવા કર્યા વિનાના દીકરીના લગ્ન કરાવ્યા તો મોટી દીકરી વૈદેહીના લગ્નમાં નાની દીકરી રુચિએ જવતલ વિધિ કરી પ્રેરણાદાયી દાખલો બેસાડ્યો**

## આપણે સામાજિક સ્તરે શૈક્ષણિક અને આર્થિક રીતે આગળ આવ્યા પરંતુ જીવનમાં પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક અભિગમ મામલે હજુ આપણો સમાજ ઘણો પાછળ છે

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત તા. ૧૦**

દરેક માતા-પિતા માટે સંતાનના લગ્ન કરાવવા એ જીવનનો ખૂબ જ મહત્વનો પ્રસંગ બની રહે છે. એમાંય વળી આજે જે પ્રકારે ધામધૂમથી લગ્નો યોજાય છે તેમાં દરેક પ્રસંગોને યાદગાર બનાવવાના નામ હેઠળ દેખાદેખી વધી છે. તો બીજી તરફ આર્થિક બોજવાળા કેટલાક કૂરિવાજો દીકરીના વાલીઓ માટે ભારે બોજરૂપ બન્યા છે. આમ છતાં મોટાભાગના વાલીઓ આ કૂરિવાજો સામે પોતાના હથિયાર હેઠા મૂકી દેવા કરીને પણ દીકરીના લગ્ન કરાવતા હોય છે. સુરતના ધબકાર દૈનિકના તંત્રી નરેશ વરિયાએ કૂરિવાજો સામે આર્થિક રીતે દેવા કર્યા વિનાના દીકરીના લગ્ન કરાવ્યા તો મોટી દીકરી વૈદેહીના લગ્નમાં નાની દીકરી રુચિએ જવતલ વિધિ કરી પ્રેરણાદાયી દાખલો બેસાડ્યો છે.



માતા-પિતા માટે સંતાનોના લગ્ન એ જીવનનો ખૂબ જ મહત્વનો પ્રસંગ હોય છે. આ પ્રસંગે સામાજિક રૂઢિ-રિવાજો, ફરજિયાત દાગીના પ્રથા, વાસણપ્રથા, મોસાળ પક્ષે મામેરું પ્રથા, ફોઈએ સોનાની વીંટી લાવવી, કંકોત્રી સહિતના રિવાજો સમાજમાં પ્રચલિત બન્યા છે. માન્યુ કે જે તે સમયે આ બધી આ પ્રથા અને રિવાજો કદાચ સમાજની જરૂરિયાત હશે. પરંતુ આજે સમય જતાં દીકરીના પિતા અને પરિવાર પર આવી ચઢેલા આર્થિક રિવાજોને તિલાંજલીની જરૂર જણાય છે પરંતુ આજેપણ આવા રિવાજો નાબૂદ થવાને બદલે વધુ જડ બન્યા છે.

આપણે સામાજિક સ્તરે શૈક્ષણિક અને આર્થિક રીતે આગળ આવ્યા પરંતુ જીવનમાં પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક અભિગમ મામલે હજુ આપણો સમાજ ઘણો પાછળ છે તે સ્વીકારવું રહ્યું. આ જ કારણ છે કે સમાજમાંથી રૂઢિવાદી કુરિવાજો અને પુત્ર-પુત્રી વચ્ચેના ભેદભાવ હજુ દેખાય છે. સમાજના લોકો શું કહેશે, આપણી વાતો કરશે એવા સામાજિક ડરથી માતા-પિતા દેવું કરીને પણ લગ્ન પ્રસંગે રૂઢિવાદી કુરિવાજો પાર પાડે છે. સમાજમાં એવો પણ મોટો વર્ગ છે જે આર્થિક રીતે સાધન સંપન્ન છે અને લગ્ન પ્રસંગે શક્તિ પ્રદર્શન અને દેખાડો કરવા માટે પાણીની જેમ પૈસા ખર્ચી સમાજમાં નવા-નવા ટ્રેન્ડ સેટ કરી રહ્યા છે જે આદર્શ સમાજની વ્યાખ્યા માટે લાલબત્તી સમાન છે.

આજના એ.આઈ ટેકનોલોજી યુગમાં જ્યારે ભારત દેશ ચંદ્ર પર પહોંચી ગયો છે, ત્યારે પણ આવા રૂઢિવાદી કુરિવાજો પ્રસ્તુત છે. જે નાબૂદ થાય અને પુત્રીઓને પણ પુત્ર જેટલા જ સમાન ભેદભાવરહિત અધિકાર મળે તે સમયની માંગ છે. આવો જ એક જીવંત દાખલો બેસાડ્યો છે સુરતના ધબકાર દૈનિક અખબારના તંત્રી નરેશ વરિયા અને તેમના પત્ની લીનાબહેને. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તેમની જ્યેષ્ઠ પુત્રી વૈદેહીના લગ્ન મૂળ રાજસ્થાનના વતની મધુબેન અને ચંદ્રશેખરભાઈ સાંખલાના પુત્ર જૈનમ સાથે યોજાયા હતા. લગ્નમાં મામેરું પ્રથા, ફોઈ દ્વારા અપાતી વીંટીની પ્રથા રાખી નહોતી. ડિજિટલ કંકોત્રી આપી હતી. શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન થયા હતા. ઉકરડી ઉઠાડવા જેવા રિવાજો કરવામાં આવ્યા ન હતા.

લગ્નમાં માત્ર નરેશ ભાઈ અને લીના બહેનના કૌટુંબિકજનો અને બાળપણના ગણ્યાગાંઠયા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. નરેશ ભાઈ છેલ્લા ૩૦ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે, પોતાના ઘરના પ્રથમ પ્રસંગે પત્રકારો માટે એક સત્કાર સમારોહ યોજ્યો હતો. જેમાં પરિવાર સાથે એક-એક પત્રકારોની ઓળખાણ કરાવી, પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

લગ્નમાં સપ્તપદી વખતે સગાભાઈ પાસે જવતલ હોમવાની વિધિ કરાવવામાં આવે છે. જો સગો ભાઈ નહીં હોય તો કૌટુંબિક ભાઈ પાસે તે વિધિ કરાવવામાં આવે છે. નરેશભાઈ અને લીનાબહેનને સંતાનોમાં બે પુત્રી છે. મોટી પુત્રી વૈદેહીના લગ્નમાં સપ્તપદીના પ્રથમ ફેરા વખતે જવતલ હોમવાની વિધિ તેમની નાની પુત્રી રુચી પાસે કરાવી સમાજને નવી દિશા ચીંધી છે અને પુત્રીને પુત્ર જેટલા જ સમાન ભેદભાવરહિત અધિકાર આપ્યા છે.

નરેશભાઈ પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે. નાત-જાત અને ધર્મમાં ભેદભાવ રાખતા નથી. વૈદેહી સંગ જૈનમના લગ્ન આંતરધર્મ લગ્ન છે. તેમના વિચારો છે કે પુત્રી એ કોઈ વસ્તુ કે સાધન-સંપત્તિ નથી કે જેનું દાન કરવામાં આવે. વૈદેહીના લગ્નમાં નરેશભાઈ અને લીનાબહેને "કન્યાદાન" શબ્દને તિલાંજલિ આપી હતી. અહીં એ પણ કહેવાનું કે, આજે ભલે કાયદાકીય સ્તરે દહેજ પ્રથા બંધ છે, પણ સામાજિક સ્તરે આડકતરી રીતે તે લેવામાં કે આપવામાં આવે છે. જેની ખાનગીમાં બધા હા પાડશે. લગ્નમાં બંને પક્ષે દહેજ જેવા સામાજિક દૂષણ પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂક્યો હતો.

# રત્નકલાકારોના બાળકોની શિક્ષણ ફી યોજનામાં ૨૬૦૦૦ ફોર્મ નામંજુર થયા

## સામાન્ય ભૂલોને અવગણી ફોર્મ મંજુર કરવા કલેક્ટરને ડાયમંડ વકર યુનિયનની રજુઆત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

હીરા ઉદ્યોગમાં વ્યાપેલી મંદીને કારણે રાજય સરકારે બેકાર રત્નકલાકારના બાળકોની શિક્ષણના મુદ્દે એક યોજના અમલી બનાવી હતી આ યોજના અંતર્ગત સુરત શહેરમાંથી ૭૬૦૦૦ જેટલા રત્નકલાકારોએ શિક્ષણ ફી માટેના ફોર્મ ભર્યા હતા જેમાંથી ૨૬૦૦૦ જેટલા ફોર્મ રદ કરવામાં આવતા ડાયમંડ વર્કર યુનિયન દ્વારા આજે કલેકટરને રજૂઆત કરી આ ફોર્મ મંજૂર કરવા વિનંતી કરી હતી

હીરાઉદ્યોગમા છેલ્લા ઘણા સમયથી મંદી છે જેના કારણે અસરગ્રસ્ત બનેલા રત્નકલાકારોના બાળકોનુ શિક્ષણ કાર્ય પ્રભાવિત ના થાય તેવા હેતુ થી સરકારશ્રી દ્વારા ખાનગી સ્કૂલો મા અભ્યાસ કરતા રત્નકલાકારો ના બાળકો ની શિક્ષણ ફી ભરવા ની યોજના જાહેર કરવામાં આવી છે જે યોજના અંતર્ગત સુરત માંથી અંદાજે ૭૬૦૦૦ ફોર્મ ભરાયા છે જેમાંથી ૨૬૦૦૦ ફોર્મ નામંજૂર કરવામા આવ્યા છેસરકારે ઉપરોક્ત યોજના જાહેર કરી ત્યારે એના પરીપત્ર માં જે બેરોજગારીની વ્યાખ્યા કરવામા આવી હતી અને તેના નીતિ નિયમો બનાવવામા આવ્યા હતા એ અમારા રત્નકલાકારો સમજી શક્યા નહોતા જેના કારણે બેરોજગારીની તારીખ લખવામાં ભૂલ થઈ હતી એવી નાની મોટી ભૂલના કારણે અંદાજે ૨૬૦૦૦ હજાર ફોર્મ રદ કરવા મા આવ્યા છે જેના કારણે ઘણા નાના ગરીબ રત્નકલાકારો શિક્ષણ સહાય યોજના ના લાભ થી વંચિત રહી ગયા છે. જેથી જે ફોર્મ રદ થયા છે તેની ફેર ચકાસણી કરી, રત્નકલાકાર છે કે કેમ તેની ખાતરી કરી રદ થયેલા ફોર્મ ને ત્વરિત મંજૂર કરવામા આવે.

